૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૦) :** પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં ઉપરનાં માળે એલ.આઇ.સી.ને ભાડે આપેલ જગ્યાનો કબ્જો પરત મેળવવા માટે કાર્યવાહી કરવામાં આવતાં તેઓ દ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદ માટે નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૨ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી સૌરભભાઇ. એન. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા કાર્યાલયનાં ઉપરનાં માળે એલ.આઇ.સી.ને ભાડે આપેલ જગ્યાનો કબજો પરત મેળવવા માટે કાર્યવાહી કરવામાં આવતાં તેઓ દ્વારા દાખલ કરવામાં આવેલ ફરિયાદ માટે નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ઉપરનાં માળે આવેલ મિલકત જરૂરી કરાર કરી ભાડેથી આપવામાં આવેલ હતી. સદર મિલકતમાંથી નગરપાલિકા કાર્યાલયમાં પાણી લીકેજ થાય છે. જેને વારંવાર નાનું મોટું રીપેરીગ કરાવવામાં આવવા છતાં તેનો સુખદ ઉકેલ આવેલ નથી. આ ઉપરાંત ભાડે આપેલ એલ.આઇ.સી. દ્વારા આ મિલકતમાં જરૂરી રીપેરીગ કરાવવા આ અગાઉ અત્રેની કચેરીએ જણાવેલ હતું. આ મિલકત ભાડે આપવાનાં પ્રસંગે થયેલ કરાર સમયાંતરે તેને રીન્યુ કરી ભાડે આપવામાં આવતી હતી. પરંતુ તા.૦૧/૦૮/૨૦૧૦ થી આ કરાર રીન્યુ કરવામાં આવેલ નથી. તથા હાલની ભાડાની બજાર કિંમતો જોતાં ભાડાનાં દરમાં વધારો કરવા જણાવેલ હતું. તેમાં પણ ભાવવધારો આપેલ નથી. અને આજદિન સુધી તેઓ દ્વારા વધારા સાથે ભાડાની રકમ જમા કરાવેલ નથી. જેથી સંસ્થાને આર્થિક નુકશાન થયેલ છે. બીજું કે,વર્તમાન વિકસતા યુગમાં કાર્યાલયનાં રીનોવેશન કરવા અને કર્મચારીઓને વહીવટી કામગીરી માટે બેસવામાં પડતી અગવડતા જોતાં મોકળાશભર્યા વાતાવરણમાં આરોગ્ય પણ જળવાઇ રહે, સભ્યશ્રીઓ માટે બેસવાની અલાયદી વ્યવસ્થા ન હોવાને કારણે વિગેરે બાબતો માટે પેટલાદ નગરપાલિકાએ કાર્યાલયમાં તથા ઉપરનાં માળે જરૂરિયાત મુજબનું રીપેરીગ કરાવવાની તાતી જરૂરિયાત ઊભી થયેલ છે. આ અંગે સરકારશ્રીમાંથી જરૂરી રીપેરીગ માટે ગ્રાન્ટની રકમની ફાળવણી પણ કરવામાં આવેલ છે. જેથી આ નાગરિકોનાં હિતાર્થે વપરાતી ગ્રાન્ટની રકમ લેપ્સ ન થાય તે માટે આ ભાડાની મિલકત ખાલી કરવા જરૂરી સમય આપી નોટિસ આપવામાં આવેલ હતી. પરંતુ સમય વિતવા છતાં એલ.આઇ.સી. દ્વારા સદર ભાડાની મિલકત ખાલી કરી કબજો પરત આપવામાં આવેલ નથી. અને વધારામાં પેટલાદની નામદાર પ્રિન્સીપલ સીવીલ જજ સાહેબની કોર્ટમાં દિવાની મુકદમા નં.૪૨/૨૦૧૬ થી કેસ દાખલ કરવામાં આવેલ છે. જેથી નગરપાલિકાએ તેનાં હક્ક મેળવવા તથા નામદાર કોર્ટમાં નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા તેમજ મુદતોમાં હાજર રહેવા વકીલશ્રીની નિયુક્તિ કરવી જરૂરી છે. પરંતુ પ્રથમ મુદત તા.૨૫/૦૬/૨૦૧૬ નાં રોજ હોવાથી તાત્કાલિક અસરથી સમયમર્યાદામાં વકીલશ્રી રોકવાની આવશ્યક્તા હોઇ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ આવી બાબતોનાં જાણકાર અને અનુભવી વકીલ તરીકે શ્રી રાજેશ કંસારા ને રોકવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા તથા નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૧) :** પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો પૈકી દુકાન નં.૨૦૯ માટે શ્રી હર્ષદકુમાર ભગવાનભાઇ પટેલ એ દાખલ કરેલ ફરિયાદ માટે નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૩ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી સૌરભભાઇ. એન. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકના સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો પૈકી દુકાન નં. ૨૦૯ માટે શ્રી હર્ષદકુમાર ભગવાનભાઇ પટેલ એ દાખલ કરેલ ફરિયાદ માટે નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો યોગ્ય કાર્યવાહીથી ભાડે આપવામાં આવે છે. તે પૈકી ૧૧ માસનાં કરાર આધારિત ભાડે આપેલ દુકાનો બાબતે પેટલાદ નગરપાલિકા દ્વારા કરવામાં આવેલ ઠરાવ આધારે પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાન નં.૨૦૯ નો કબજો પરત મેળવવા નોટિસ પાઠવવામાં આવતાં શ્રી હર્ષદકુમાર ભગવાનભાઇ પટેલ એ પેટલાદની નામદાર પ્રિન્સીપલ સીવીલ કોર્ટમાં આર.સી.એસ.-૪૫/૨૦૧૬ થી દાવો દાખલ કરવામાં આવેલ છે. જેથી આ અંગે નગરપાલિકા તરફે બચાવ રજૂ કરવા તથા મુદતોમાં હાજર રહેવા વકીલશ્રીની નિયુક્તિ કરવી જરૂરી છે. પરંતુ પ્રથમ મુદત તા.૨૫/૦૬/૨૦૧૬ નાં રોજ હોવાથી તાત્કાલિક અસરથી સમયમર્યાદામાં વકીલશ્રી રોકવાની આવશ્યક્તા હોઇ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ આવી બાબતોનાં જાણકાર અને અનુભવી વકીલ તરીકે શ્રી રાજેશ કંસારા ને રોકવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. તે અંગે થનાર ખર્ચ મંજુર કરવા તથા નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી ખર્ચ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૨) :** પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ માં એ.સી સીસ્ટમ બેસાડવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૪ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ માં એ.સી. સીસ્ટમ બેસાડવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ અંદાજે ૧૦ વર્ષ પહેલાં ખરીદ કરવામાં આવેલ છે. જેથી જુના મોડલનું વાહન હોવાથી તેમાં એ.સી. સીસ્ટમ બેસાડેલ નથી. પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને તથા કર્મચારીઓને ઓફિસ કામગીરી અર્થે વારંવાર અમદાવાદ-ગાંધીનગર જેવા દૂરનાં સ્થળોએ જવા-આવવાનું થાય છે. ઉનાળાની ઋતુમાં ગરમીને કરાણે ખૂબજ તકલીફ અનુભવાય છે. જેથી તેમાં એ.સી. સીસ્ટમ બેસાડાવવી જરૂરી અને યોગ્ય લાગે છે. તેથી આ કામગીરી કરાવવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૪૨,૦૦૦/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૩) :** પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ માં નવિન ટાયર નંગ-૪ નો સેટ બેસાડવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૫ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ માં નવિન ટાયર નંગ -૦૪ નો સેટ બેસાડવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વાહન નં.જી.જે.-૨૩-જી-૪૪ અંદાજે ૧૦ વર્ષ પહેલાં ખરીદ કરવામાં આવેલ છે. જેથી તેનાં ટાયર વપરાશને કારણે ખરાબ થઇ ગયેલ છે. જેનાં કારણે ચાલુ વાહને કોઇ અકસ્માત ન બને તેવા શુભાશયથી તેનાં ટાયર નવિન નાંખવા જરૂરી છે. પેટલાદ નગરપાલિકાનાં ચીફ ઓફિસરશ્રીને તથા કર્મચારીઓને ઓફિસ કામગીરી અર્થે વારંવાર અમદાવાદ-ગાંધીનગર જેવા દૂરનાં સ્થળોએ જવા-આવવાનું થાય છે. તેથી આ વાહનમાં નવિન ટાયર નંગ-૦૪ નો સેટ ખરીદ કરી લાગાવવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૨૪,૮૦૦/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૪) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૨ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૬ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૨ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં ત્રણ ઝોન પૈકી બે ઝોન હાલમાં કાર્યરત છે. આ યોજના અંતર્ગત શહેરનું ગટરનું ગંદુ પાણી દેવકુવા પંપીગ સ્ટેશન ખાતેથી પંપ દ્વારા ઓક્સિડેશન પોન્ડમાં ઠાલવવામાં આવે છે. આ પંપીગ સ્ટેશનનાં પંપ સેટ નં.-૨ ચાલુ કામગીરી દરમ્યાન બગડી જવા પામેલ જેથી શહેરમાં આવેલ ભૂગર્ભ ગટરની કુંડીઓમાંથી ગટરનું ગંદુ પાણી બહાર ઉભરાઇ ગંદકી ન થાય અને કોઇ રોગચાળો ન ફેલાય તેવા શુભાશયથી તેને તાત્કાલિક અસરથી રીપેરીગ કરાવવું ખૂબ જ આવશ્યક હતું. તેથી ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૨ નું રીપેરીગ આવી કામગીરી કરાવવાનાં પેટલાદ નગરપાલિકાએ મંજુર કરેલ સને ૨૦૧૫-૧૬ નાં વાર્ષિક ધોરણનાં ભાવથી અને તે મંજુર થયેલ એજન્સી પાસેથી કામગીરી કરાવી લેવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૧,૪૨,૭૫૦/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૫) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૧ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૭ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા મુખ્ય પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૧ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સમગ્ર સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં ત્રણ ઝોન પૈકી બે ઝોન હાલમાં કાર્યરત છે. આ યોજના અંતર્ગત શહેરનું ગટરનું ગંદુ પાણી દેવકુવા પંપીગ સ્ટેશન ખાતેથી પંપ દ્વારા ઓક્સિડેશન પોન્ડમાં ઠાલવવામાં આવે છે. આ પંપીગ સ્ટેશનનાં પંપ સેટ નં.-૧ ચાલુ કામગીરી દરમ્યાન બગડી જવા પામેલ જેથી શહેરમાં આવેલ ભૂગર્ભ ગટરની કુંડીઓમાંથી ગટરનું ગંદુ પાણી બહાર ઉભરાઇ ગંદકી ન થાય અને કોઇ રોગચાળો ન ફેલાય તેવા શુભાશયથી તેને તાત્કાલિક અસરથી રીપેરીગ કરાવવું ખૂબ જ આવશ્યક હતું. તેથી ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ પંપ સેટ નં.-૧ નું રીપેરીગ આવી કામગીરી કરાવવાનાં પેટલાદ નગરપાલિકાએ મંજુર કરેલ સને ૨૦૧૫-૧૬ નાં વાર્ષિક ધોરણનાં ભાવથી અને તે મંજુર થયેલ એજન્સી પાસેથી કામગીરી કરાવી લેવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૧,૦૮,૪૦૦/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધઃ-
૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.
૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૬) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડવર્કસ ખાતે યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત બનાવવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ સમ્પ માટે જરૂરી વધારાનો વિજ લોડ લેવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૮ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા, શ્રીમતિ રેહાનાબાનુ. એ. ખલીફાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડન હેડ વર્કસ ખાતે યુ. આઇ. ડી. એસ. એસ. એમ. ટી. યોજના અંતર્ગત બનાવવામાં આવેલ અન્ડર ગ્રાઉન્ડ સમ્પ માટે જરૂરી વધારાનો વિજ લોડ લેવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગનાં લાયન્સ ગાર્ડનમાં આવેલ હેડવર્કસ ખાતે યુ.આઇ.ડી.એસ.એસ.એમ.ટી. યોજના અંતર્ગત અન્ડર ગ્રાઉન્ડ સમ્પ બનાવવામાં આવેલ છે. જેનાં ઉપયોગમાં લેવામાં આવતાં પંપીગ મશીનરી માટે હાલમાં વપરાતા વીજ લોડથી વારંવાર સપ્લાય ટ્રીપ થઇ પંપીગ મશીનરીને નુકશાન થાય તેમ છે. જેથી વધારાનો વિજ લોડ લેવો ખૂબ જ જરૂરી હતો અને સમયમર્યાદામાં કામગીરી કરાવવી જરૂરી હોઇ  રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ વધારાનો વીજ લોડ લેવા મધ્ય ગુજરાત વિજ કંપનીમાં જરૂરી રકમ જમા કરાવવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં થયેલ રૂા.૧,૨૧,૮૫૨/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરેલ ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૭) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગનાં ટ્રેકટર નં.જી.જે.-૨૩-બી-૬૯૧૩ નું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાનીમંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૯૯ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગનાં ટ્રેક્ટર નં. જી.જે.-૨૩-બી-૬૯૧૩ નું રીપેરીગ કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટી વિભાગનાં વિવિધ સાધનો સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવે છે. જે પૈકી ટ્રેક્ટર નં. જી.જે.-૨૩-બી-૬૯૧૩ તેનાં વપરાશને કારણે બગડી ગયેલ હતું. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આ ટ્રેક્ટર દ્વારા કરાવવામાં આવતી સફાઇ કામગીરી ખોરવાઇ ન જાય તેવા આશયથી તેનું રીપેરીગ કરાવવું આવશ્યક હતું. અને ટીમ પેટલાદનાં મુખ્ય ધ્યેય પેટલાદ શહેરને ક્લીન બનાવવાનો છે. જેથી આ ટ્રેક્ટરનું રીપરીગ કરાવવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં થયેલ રૂા.૧૭,૪૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

*** જરૂરી વિષય તરીકેનાં કામ :-**

**કામ નં. (૧)** : પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતાં વિવિધ ગ્રાન્ટનાં કામોનાં ચૂકવણામાંથી ૫% વર્કચાર્જ જે તે કોન્ટ્રાક્ટર પાસેથી વસૂલ લેવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૦ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતાં વિવિધ ગ્રાન્ટનાં કામોનાં ચૂકવણાંમાંથી ૫% વર્કચાર્જ જે તે કોન્ટ્રાક્ટર પાસેથી વસુલ લેવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં દિનપ્રતિદિન મોંઘવારી વધવાને કારણે પેટલાદ નગરપાલિકાને કરવો પડતાં પગાર ખર્ચ તથા અન્ય ખર્ચમાં વધારો થવા પામેલ છે. નગરપાલિકા દ્વારા વસુલવામાં આવતી ટેક્ષની આવક, ભાડાની આવક વિગેરે આવકો મર્યાદિત છે. જેથી નગરપાલિકાની આર્થિક સ્થિતિ સધ્ધર કરવા આવા ચાર્જ વસુલવા યોગ્ય છે. બીજું નગરપાલિકા દ્વારા ઘણી વખત કોન્ટ્રાક્ટરશ્રીને નગરપાલિકા તેનાં સાધનો, લાઇટ, પાણી અને અન્ય માળખાકિય સુવિધાઓ પુરી પાડતી હોય છે. જેથી નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૯૯, ૯૯(૯), ૯૯ (૧૪-ક) હેઠળ નગરપાલિકાને વિવિધ કરવેરા, ચાર્જ વિગેરે વસુલવાની સત્તા છે. તે આધારે પેટલાદ નગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવતાં વિવિધ ગ્રાન્ટ અંતર્ગતનાં જે તે કોન્ટ્રાક્ટરશ્રીને ચૂકવવામાં આવતાં પ્રત્યેક બીલમાંથી ૫% લેખે વર્કચાર્જ વસુલ લેવા ઠરાવવામાં આવે છે. આ વસુલ કરેલ રકમ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાં જમા કરાવવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૦૯/૨૦૧૬ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨)** : પેટલાદમાં આવેલ નગરપાલિકા હસ્તકનાં ખુલ્લા પ્લોટમાં વૃક્ષોનું વાવેતર કરી તેને ઘટતી કાર્યવાહીથી ભવિષ્યમાં વેચાણ આપવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૧ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદમાં નગરપાલિકા હસ્તકનાં આવેલ ખુલ્લા પ્લોટમાં વૃક્ષોનું વાવેતર કરી તેને ઘટતી કાર્યવાહીથી ભવિષ્યમાં વેચાણ આપવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ શહેરમાં વિવિધ સ્થળોએ નગરપાલિકા હસ્તકનાં ખુલ્લા પ્લોટ આવેલ છે. જેમાં નગરપાલિકા દ્વારા હાલમાં ઉપયોગમાં લેવામાં આવતાં ન હોઇ અને ખુલ્લી જગ્યા હોવાથી તેમાં બિનઅધિકૃત રીતે નાગરીકો દ્વારા કચરો નાંખવામાં આવે, ગંદકી કરવામાં આવે, કાચા મકાનો બનાવી દબાણ કરવામાં આવે વિગેરે જેવી ઘટનાઓ ઘટે તેમ છે. તેથી આવી ખુલ્લી જગ્યાઓમાં વન વિભાગ દ્વારા ફેન્સીગ કરી તેમાં નીલગીરી જેવાં વૃક્ષો વાવવામાં આવે તો ભવિષ્યમાં તેને ઘટતી કાર્યવાહીથી કાપી વેચાણ આપવામાં આવે તો તે આવનાર રકમ પૈકી ૨૫% રકમ વન વિભાગને આપીએ અને બાકીની રકમ નગરપાલિકાનાં આવકનાં સ્ત્રોત બને તેમ છે. અને તેનાથી સંસ્થાને આર્થિક ફાયદો થાય તેમ છે. સઘળી બાબતો ધ્યાને લેતાં પેટલાદ શહેરમાં આવેલ નગરપાલિકા હસ્તકનાં ખુલ્લા પ્લોટમાં વન વિભાગ દ્વારા પ્લોટની ફરતે ફેન્સીગ કરી વૃક્ષો વાવવા માટે સંલગ્નિત વિભાગમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી કોમ્પ્યુટર ઓપરેટર, સમાજ સંગઠક તથા અન્ય વિભાગ માટે કર્મચારીઓની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૨ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં ફીકસ પગારથી કોમ્પ્યુટર ઓપરેટર, સમાજ સંગઠક તથા અન્ય વિભાગ માટે કર્મચારીઓની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં તમામ વિભાગો માટેની વહીવટી કામગીરીને પહોંચી વળવા કોમ્પ્યુટર સેટ વસાવવામાં આવેલ છે. તથા સરકારશ્રીની સુચના અનુસાર ઇ-ગવર્નન્સ અતર્ગત પેટલાદ નગરપાલિકામાં જન સુવિધા કેન્દ્ર કાર્યરત કરવામાં આવેલ છે. આ કેન્દ્રની કોમ્પ્યુટર કામગીરીને પહોંચી વળવા તથા સંસ્થાનાં અન્ય વિભાગનાં ઇ-મેલ કરવા, સરકારશ્રીમાં માહિતી મોકલવી, માહિતીઓ તૈયાર કરવી, વિવિધ દાખલા આપવા વિગેરે જેવા જરૂરિયાત મુજબનાં કામો માટે સમયાંતરે કોમ્પ્યુટર ઓપરેટર તરીકે શ્રી અર્પિતકુમાર કે. પટેલ તથા શ્રી મૌલિક પટેલની નિમણૂંક કરવામાં આવેલ હતી. પરંતુ આ બન્ને કોમ્પ્યુટર ઓરેટર વિદેશ જતાં હોઇ પેટલાદ નગરપાલિકામાંથી લાંબી રજા મેળવેલ છે. તેથી ચાલુ ઓગષ્ટ માસથી આ વિભાગની કામગીરી અટકી પડેલ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં જન સુવિધા કેન્દ્ર માટે તથા અન્ય વિભાગની કામગીરીને પહોંચી વળવાની જરૂરિયાતને ધ્યાને લઇ કુલ ૦૩ કોમ્પ્યુટર આપરેટર, ૦૫ સમાજ સંગઠક તથા એક સીવીલ એન્જીનીયરની તથા અન્ય કર્મચારીઓની નીચે જણાવેલ લાયકાત તથા પગાર ધોરણથી નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત | ઉંમર | જગ્યાની સંખ્યા | ફીકસ પગાર ધોરણ રૂા. |
|---|---|---|---|---|---|
| ૧ | કોમ્પ્યુટર ઓરેટર | માન્ય યુનિવર્સિટીનાં ગ્રેજયુએટ, કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન, સી.સી.સી. પાસ તથા શ્રૃતિ ફોન્ટ ટાઇપીગ જાણકાર | ૩૦ વર્ષ સુધી | ૦૨ | ૭,૫૦૦=૦૦ |
| ૨ | કોમ્પ્યુટર ઓરેટર | માન્ય યુનિવર્સિટીનાં ગ્રેજયુએટ, કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન, સી.સી.સી. પાસ તથા શ્રૃતિ ફોન્ટ ટાઇપીગ તથા એકાઉન્ટ ટેલીનાંજાણકાર | ૩૦ વર્ષ સુધી | ૦૧ | ૧૦,૦૦૦=૦૦ |
| ૩ | સીવીલ એન્જીનીયર | બી.ઇ. સીવીલ, કોમ્પ્યુટર ઓટોકેડ, કોમ્પ્યુટર બેઝીક જ્ઞાન જરૂરી | ૪૦ વર્ષ સુધી | ૦૧ | ૧૬,૫૦૦=૦૦ |
| ૪ | સમાજ સંગઠક | માન્ય યુનિવર્સિટીનાં ગ્રેજયુએટ, કોમ્પ્યુટરનું બેઝીક જ્ઞાન, સી.સી.સી. પાસ, એમ.એસ.ડબલ્યુ., બી.એ. પાસ | ૨૧ થી ૨૫ વર્ષ | ૦૫ | ૪,૦૦૦=૦૦ |

ઉપર જણાવેલ વિગતોએ જણાવેલ વિગતે કર્મચારીઓની નિયમાનુસાર ઘટતી કાર્યવાહી હાથ ધરી જણાવેલ ફીકસ પગારથી નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સને ૨૦૧૩-૧૪ ની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદરની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાની નગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇનાં ઘર તરફનો રસ્તો ટ્રીમિક્ષ સી.સી. નું કામ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૩ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સને ૨૦૧૩-૧૪ ની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદરની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાનીનગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇ નાં ઘર તરફનો રસ્તો ટ્રીમિક્ષ સી.સી. નું કામ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા સને ૨૦૧૩-૧૪ નાં વર્ષની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદર હેઠળની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાની નગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇ નાં ઘર તરફ જવાનો રસ્તો ટ્રીમિક્ષ સી.સી કરવા નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૮,૦૧,૫૦૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૫)** : પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સને ૨૦૧૪-૧૫ ની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદરની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાની નગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇનાં ઘર તરફનો રસ્તામાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૪ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાને ગુજરાત મ્યુનિ. ફાઇનાન્સ બોર્ડ દ્વારા ફાળવવામાં આવેલ સને ૨૦૧૪-૧૫ ની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદરની ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાનીનગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇ નાં ઘર તરફના રસ્તામાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં ગુજરાત મ્યુનિસિપલ ફાઇનાન્સ બોર્ડ, ગાંધીનગર દ્વારા સને ૨૦૧૪-૧૫ નાં વર્ષની સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત ટી.એ.એસ.પી. સદર હેઠળની ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભવાની નગર સોસાયટીમાં આવેલ વસાવા કાળાભાઇ નાથાભાઇ નાં ઘર તરફ જવાનો રસ્તા ઉપર ભૂગર્ભ ગટરની મુખ્ય પાઇપ લાઇન નાંખવા નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૨,૮૦,૫૭૦/- નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધઃ-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૬)** : નામદાર હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરવા માટે ભારત સંચાર નિગમ દ્વારા જે તે શહેરોમાં નાંખવામાં આવનાર નવિન કેબલ માટે જે તે કાર્યક્ષેત્રની સંસ્થાએ વિના મૂલ્યે કોઇપણ જાતનાં નુકશાની વળતર ખર્ચ ચૂકવ્યા સિવાય કેબલ નાંખવાની પરવાનગી આપવા બાબતનું કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૫ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

નામદાર હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરવા માટે ભારત સંચાર નિગમ દ્વારા જે તે શહેરોમાં નાંખવામાં આવનાર નવિન કેબલ માટે જે તે સત્તાક્ષેત્રની સંસ્થાએ વિનામૂલ્યે કોઇ પણ જાતનાં નુકશાની વળતર ખર્ચ ચૂકવ્યા સિવાય કેબલ નાંખવાની કામગીરી માટે પરવાનગી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં નામદાર હાઇકોર્ટમાં પી.આઇ.એલ. દાખલ કરવા માટે ભારત સંચાર નિગમ દ્વારા જે તે શહેરોમાં નાંખવામાં આવનાર નવિન કેબલ માટે જે તે સત્તાક્ષેત્રની સંસ્થાઓએ વિનામૂલ્યે કોઇ પણ જાતનાં નુકશાની વળતર ખર્ચ ચૂકવ્યા સિવાય કેબલ નાંખવાની કામગીરી માટે પરવાનગી આપવી. પરંતુ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની આર્થિક સ્થિતિ ધ્યાને લેતાં સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવતી વિવિધ ગ્રાન્ટની રકમમાંથી શહેરનો વિકાસ કરી જાહેર રસ્તા તથા શેરીઓનાં રસ્તાઓમાં આયુષ્ય વધુ રહે તેવા આશયથી આર.સી.સી. કરવામાં આવે છે. તેથી ભારત સંચાર નિગમને વિનામૂલ્યે અને કોઇપણ જાતનાં નુકશાન વળતર ખર્ચ મેળવ્યા સિવાય જો પરવાનગી આપવામાં આવે તો શહેરનાં રસ્તાઓ, ચોકને ઘણું નુકશાન થવા સંભવ છે. જેથી આવા નુકશાન પરત્વનેનું રીપેરીગનું કામ ગ્રાન્ટની રકમોમાંથી કરાવી શકતાં નથી. તે ખર્ચ જે તે સંસ્થાએ તેનાં સ્વભંડોળમાંથી ભોગવી કામગીરી કરાવવી પડતી હોય છે. અને તેનાં કારણે નાગરિકોને ઘણી હાલાકી વેઠવી પડે તેમ છે. તેથી ભારત સંચાર નિગમ દ્વારા અગાઉ નાંખવામાં આવેલ કેબલનો ઉપયોગ કરવામાં આવે તો પ્રશ્ન હલ થઇ શકે તેમ છે. અને સરકારશ્રીનાં ૨૦૦૮ માં થયેલ પરિપત્ર આધારે શહેરમાં આવા નાંખવામાં આવેલ કેબલોનું ભાડુ જે તે સંસ્થા / ઇસમો પાસેથી વસુલવાપાત્ર થાય છે. આ તમામ બાબતો ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા દ્વારા આવી બાબતોની રજૂઆત નામદાર હાઇકોર્ટમાં કરવામાં આવે અને તે અંગે યોગ્ય ઘટતુ થાય તો સંસ્થાનું હિત જળવાય તેમ છે. જે બાબતોની નામદાર હાઇકોર્ટમાં રજૂઆત કરવા ઠરાવવામાં આવે છે. આ બાબતે નગરપાલિકા તરફે બચાવ જવાબ રજૂ કરવા વકીલશ્રીની નિયુક્તિ કરવા તથા આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધઃ-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૭)** : પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો ભાડે આપવાનાં કામે સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૫૨/તા.૧૮/૦૨/૧૬ થી થયેલ ઠરાવ બાબતે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૫૮ હેઠળ મે.જિલ્લા કલેકટરશ્રી કચેરીમાં રજૂ થયેલ અરજી બાબતે જરૂરી જવાબો રજૂ કરવા પરત્વે વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૬ / તા.૧૧/૮/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી વિજયભાઇ. સી. તળપદા, શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો ભાડે આપવાનાં કામે સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૫૨/ તા.૧૮/૦૨/૧૬ થી થયેલ ઠરાવ બાબતે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૫૮ હેઠળ મે.જિલ્લા કલેક્ટરશ્રીમાં રજૂ થયેલ અરજી બાબતે જરૂરી જવાબો રજૂ કરવા પરત્વે વકીલશ્રીની નિયુક્તિ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં સરદાર પટેલ સુપર માર્કેટની દુકાનો બાબતે સામાન્ય સભામાં થયેલ ઠરાવ આધારે ઘટતી કાર્યવાહીથી ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે આપવામાં આવેલ હતી. જેનાંથી સંસ્થાને અંશતઃ આર્થિક નુકશાન જતાં પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૫૨/ તા.૧૮/૦૨/૧૬ થી થયેલ ઠરાવ આધારે નક્કી થયેલ પ્રિમીયમની રકમથી ભાડે આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવતાં આ શોપિંગ સેન્ટરની આવી ૧૧ માસનાં કરાર આધારિત દુકાનો ભાડે રાખનાર ઇસમો સાથે વારંવાર બેઠક થયેલ અને તેમાં વેપારીઓ સાથે તેઓની રજૂઆત અને માંગણીઓને લક્ષમાં લઇ નગરપાલિકાને નુકશાન ન થાય અને વેપારીઓને પણ નુકશાન ન થાય તેવા આશયથી આ પ્રિમીયમની રકમમાં સુધારા કરવામાં આવેલ હતાં અને તે મુજબ મોટાભાગનાં વેપારીઓએ સંમતિ આપી દુકાન ભાડે રાખવાની કાર્યવાહી હાથ ધરેલ છે. તેમ છતાં આ શોપિંગ સેન્ટરની દુકાન નં.૩૪૭ કે જે ૧૧ માસનાં કરાર આધારિત ભાડે રાખેલ શ્રી સતિષકુમાર ઘનશ્યામભાઇ રાઠોડ એ નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૨૫૮ હેઠળ મે.જિલ્લા કલેક્ટરશ્રીની કચેરી, આણંદ ખાતે અરજી કરવામાં આવેલ છે. આ બાબતે પેટલાદ નગરપાલિકાનાં બચાવ જવાબ રજૂ કરી સંસ્થાને આર્થિક નુકશાન ન થાય તેવા આશયથી જો આ બાબતે વકીલશ્રીની નિયુક્તિ કરવામાં આવે તે યોગ્ય છે. તેથી આવી કામગીરીનાં જાણકાર અને અનુભવી વકીલ શ્રી રાજેશ કંસારાની સદર કામે નિયુક્તિ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રીને અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૮)** : મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી ફરીદખાન. ડી. પઠાણ તથા શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૭ / તા.૧૧/૮/૧૬**

સર્વાનુમતે ઠરાવ કર્યો કે, મ્યુનિ. સભ્ય શ્રી રીફાકતખાન. એમ. પઠાણ, શ્રી ફરીદખાન. ડી. પઠાણ તથા શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલનાં આવેલ રજાનાં રીપોર્ટ વંચાણમાં લેતાં તેને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

ઉપર જણાવ્યા મુજબનાં કામો પૂર્ણ કરી તે સિવાય અન્ય કોઇ કામ ન હોવાથી રા.અધ્યક્ષશ્રીએ આજની સામાન્ય સભામાં ઉપસ્થિત સર્વે સભ્યશ્રીઓનો આભાર માની બેઠકની કાર્યવાહી પૂર્ણ થયા અંગેની જાહેરાત કરી.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* જરૂરી વિષયનું કામ :-

**કામ નં. (૧)** : પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્ય શ્રી ભરતભાઇ. જે. શાહનાં તાજેતરમાં થયેલ દુઃખદ અવસાન તથા ઉરીમાં ફરજ બજાવતાં દેશનાં શહીદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવા બાબત.

**ઠરાવ નં. ૧૦૮ / તા.૨૪/૧૦/૧૬**

શોક ઠરાવ

આથી આ શોક ઠરાવ પસાર કરી ઠરાવવામાં આવે છે કે,પેટલાદ નગરપાલિકાનાં પૂર્વ સભ્ય શ્રી ભરતભાઇ. જે. શાહનાં તાજેતરમાં દુઃખદ અવસાન થયેલ છે. તેઓ સ્વભાવે મિલનસાર અને મૃદુભાષી હતાં. તેઓ પોતાની આગવી કોઠાસૂજ ધરાવતાં હતાં અને પેટલાદ સ્થિત આર.કે.હાઇસ્કૂલમાં આચાર્યશ્રીની ફરજ બજાવતાં હતાં. અને નિવૃત્તિ બાદ પણ તેઓ સેવાઓ આપતાં હતાં તથા શિક્ષણ સંઘમાં પણ સભ્ય હતાં. તેમજ પેટલાદ નગરપાલિકામાં કારોબારી સમિતિનાં ચેરમેનપદે રહી સેવાઓ આપેલ છે. અને આમ, લોકોપયોગી કામ કરતાં હોઇ નાગરિકોમાં ખૂબજ લોકપ્રિયતા મેળવેલ હતી. તેઓએ પોતાનાં કાર્યકાળ દરમ્યાન પ્રજાનાં હિતાર્થે વિવિધ સંસ્થા દ્વારા કામો કરાવેલ છે. તેઓનાં જયેષ્ઠ વયે થયેલ દુઃખદ અવસાનથી તેઓનાં પરિવારજનો પર આવી પડેલ દુઃખ અને આઘાત સહન કરવાની ઇશ્વર શક્તિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

ભારતનાં ઉરીમાં આવેલ સૈનિક છાવણીમાં ફરજ બજાવતાં સૈનિકો આતંકવાદ સામે દેશ કાજે પોતાની ફરજ બજાવતાં શહીદ થયેલ છે. પેટલાદ નગરપાલિકાની આજની સભા તેઓની વિરતા કૌશલ્યને બિરદાવે છે. અને શહીદ થયેલ સૈનિકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે. તેઓનાં કુટુંબીજનો પર આવી પડેલ આકસ્મિક, આઘાત અને દુઃખ સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રભુ પાસે પ્રાર્થના.

ઉપરોક્ત દિવંગતોનાં આત્માને પ્રભુ ચિર શાંતિ અર્પે તેવી પ્રાર્થના સાથે શ્રધ્ધાંજલિ અર્પણ કરવા સર્વાનુમતે ઠરાવવામાં આવે છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

શોક ઠરાવ સભાગૃહમાં વંચાણમાં લઇ સભાગૃહમાં ઉપસ્થિત સર્વેએ શ્રધ્ધાંજલિ અર્પણ કરવા પોતાનાં સ્થાને ઊભા થઇ બે મીનીટનું મૌન પાળવામાં આવ્યું.

મૌનનો સમય પૂર્ણ થતાં રા.અધ્યક્ષશ્રીએ આજની સભાનાં એજન્ડા ઉપરનાં કામો તેની કાર્યસૂચિનાં ક્રમાનુસાર હાથ ધરવા આદેશ કર્યો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ - ૧૬ થી માહે સપ્ટેમ્બર - ૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૦૯ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ – ૧૬ થી માહે સપ્ટેમ્બર -૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં હિસાબી દફતરેથી સંસ્થાનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ – ૧૬ થી માહે સપ્ટેમ્બર – ૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨)** : શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન.કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ- ૧૬ થી માહે સપ્ટેમ્બર – ૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૦ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

શાળા સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ – ૧૬ થી માહે સપ્ટેમ્બર – ૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા સંચાલિત એન. કે. હાઇસ્કૂલનો તૈયાર થઇ આવેલ માહે જુલાઇ – ૧૬ થી માહે સપ્ટેમ્બર – ૧૬ સુધીનો ત્રિમાસિક હિસાબ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીમાં પીવાનાં પાણીનાં કનેક્શન મેળવવા સોસાયટીનાં રહીશોની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૧ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીમાં પીવાનાં પાણીનાં કનેક્શન મેળવવા સોસાયટીનાં રહીશોની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ટી.પી સ્કીમ નં. ૧ નાં ફા.પ્લોટ નં. ૩૫ સર્વે નં. ૧૦૫ માં આવેલ સહયોગ રેસીડન્સીમાં પીવાનાં પાણીનાં કનેક્શન મેળવવા અંગે સોસાયટીનાં રહીશોએ અરજી કરેલ છે. પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક છે. તેથી પીવાનાં પાણીનાં કનેક્શન આપવા યોગ્ય છે. જેથી આ સોસાયટીનાં આંતરિક રસ્તા જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીમાં પીવાનાં પાણીનાં કનેકશન આપવા માટે નગરપાલિકાની હયાત પીવાનાં પાણીની લાઇન થી માંગણીવાળી જગ્યા અંદાજે ૪૦ મીટર જેટલે દૂર આવેલ જે પાણીની પાઇપ લાઇન નાંખવાની થાય છે. પરંતુ આ પાણીની પાઇપ લાઇન સોસાયટીનાં રહીશોઓએ પોતાનાં સ્વખર્ચે નાંખવા જણાવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીમાં પીવાનાં પાણીનાં કનેક્શન આપવા માટે જરૂરી પાઇપ લાઇન પેટલાદ નગરપાલિકાનાં એન્જીનીયરનાં માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તેઓનાં સ્વખર્ચે નાંખી પીવાનાં પાણીનાં કનેક્શન આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓને ૭ મા પગારપંચના પગાર ધોરણોનાં લાભ આપવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૨ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓને ૭ મા પગારપંચના પગાર ધોરણોનાં લાભ આપવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારીઓને ૭માં પગારપંચનાં પગાર ધોરણોનો લાભ આપવા અંગે તેઓએ અરજી કરેલ છે. આ કર્મચારીઓને હાલમાં સામાન્ય સભાનાં ઠરાવ નં.૬૨/ તા.૦૧/૦૨/૨૦૧૧ થી થયેલ ઠરાવ અન્વયે સરકારશ્રીનાં મે. નગરપાલિકા નિયામકશ્રી કચેરી, ગાંધીનગરનાં હુકમ ક્રમાંક : નપાની / મહેકમ – ૧ / છ.પ.પં. / પેટલાદ / વશી ૦૨ / ૧૧/ ૧૯૩૦ તા.૧૬/૦૩/૨૦૧૧ થી મંજુર થયા આધારે છઠ્ઠા પગારપંચનાં પગાર ધોરણોનાં લાભ આપવામાં આવેલ છે. કેન્દ્ર સરકાર દ્વારા તાજેતરમાં ૭મા પગારપંચનાં પગાર ધોરણોનો અમલ કરેલ છે. અને તે રાજય સરકારશ્રીએ મંજુર કરેલ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં કાયમી કર્મચારીઓને આ પગાર ધોરણોનો લાભ આપવા પાત્ર થાય છે. જે બાબતે થનાર વધારાનાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. અને પેટલાદ નગરપાલિકાનાં કાયમી કર્મચારીઓને ગુજરાત સરકારશ્રી દ્વારા મંજુર કર્યા તારીખથી ૭મા પગારપંચનાં પગાર ધોરણોનાં લાભ આપવા સરકારશ્રીમાં મંજુરી મેળવવા ઘટતી કાર્યવાહી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે.ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૫)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી સુનિલકુમાર ગોરધનદાસ કા.પટેલની બઢતી મેળવવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૩ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી સુનિલકુમાર ગોરધનદાસ કા.પટેલની બઢતી મેળવવા અંગે આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી સુનિલકુમાર ગોરધનદાસ કા.પટેલ એ તેઓને બઢતી આપવા અંગે અરજી કરેલ છે. તેઓ પેટલાદ નગરપાલિકામાં તા.૦૧/૧૨/૨૦૦૪ થી કમીટી કલાર્ક તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવે છે. તેઓ બી.એ. પાસ છે. નગરપાલિકામાં ૭ વર્ષથી વધુનો અનુભવ ધરાવે છે. જેથી તેઓની શૈક્ષણિક લાયકાત તથા અનુભવ જોતાં નગરપાલિકાનાં ધારાધોરણો મુજબ તેઓને બઢતી આપવાપાત્ર થાય છે. તેઓ હાલમાં ઘરવેરા વિભાગમાં જૂન ૨૦૧૬ થી ટેક્ષ ઇન્સપેક્ટર તરીકેનો ચાર્જ સંભાળે છે. જે જગ્યા ખાલી છે.તેઓ કર્તવ્યનીષ્ઠ અને નિયમિત પણે ફરજ બજાવતાં હોઇ પેટલાદ નગરપાલિકામાં કાયમી કર્મચારીની ફરજ બજાવતાં કર્મચારી શ્રી સુનિલકુમાર ગોરધનદાસ કા.પટેલને ટેક્ષ ઇન્સપેક્ટર તરીકેની તા.૦૧/૧૧/૨૦૧૬ થી બઢતી આપવા અને તે મુજબનાં પગાર ધોરણો તથા તેનાં લાભો આપવા મે.નગરપાલિકા નિયામકશ્રીમાં મંજુરી મેળવવા ઘટતી કાર્યવાહી હાથ ધરી નિયમાનુસારની જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા મે.ચીફ ઓફિસરશ્રી અને રા.પ્રમુખશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૬)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી ઉપાડવામાં આવતાં રોજબરોજનાં ઘન કચરાનાં નિકાલ માટે લેન્ડ ફીલ સાઇટ નક્કી કરી તેમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત એમ.એસ.ડબલ્યુ રૂલ્સ અન્વયે સેગ્રીગેશન પ્લાન્ટ નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૪ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાંથી ઉપાડવામાં આવતાં રોજબરોજનાં ઘન કચરાનાં નિકાલ માટે લેન્ડ ફીલ સાઇટ નક્કી કરી તેમાં સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ અંતર્ગત એમ.એસ.ડબલ્યુ રૂલ્સ અન્વયે સેગ્રીગેશન પ્લાન્ટ નાંખવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં નામદાર સુપ્રિમ કોર્ટનાં આદેશાનુસાર સરકારશ્રી દ્વારા જણાવ્યા અનુસાર દરેક નગરપાલિકાએ શહેરની સફાઇ કામથી ઉપજ થતા રોજબરોજનાં કચરાનો એક અલાયદી વ્યવસ્થા કરી તેનો નિકાલ કરવો જોઇએ. અને તે માટે એમ.એસ.ડબલ્યુ રૂલ્સ બનાવી તેનો ચૂસ્ત પણે અમલ થાય તેમ સરકારશ્રી દ્વારા વખતોવખત જણાવવામાં આવે છે. ટીમ પેટલાદનું મુખ્ય સૂત્ર પેટલાદને ગ્રીન સીટી, કલીન સીટી અને ડેવલોપ સીટી બનાવવાનું રહ્યું છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાથી રોજબરોજનો ઉપાડવામાં આવતો કચરો એક જ જગ્યાએ એકત્રિત કરી સુયોગ્ય નિકાલ કરવો ઉચિત જણાય છે. તે માટે પેટલાદ નગરપાલિકા હસ્તકનાં ભૂગર્ભ ગટર માટે બનાવેલ એસ.ટી.પી. પ્લાન્ટને અડીને આવેલ નગરપાલિકા હસ્તકનાં સર્વે નં.૩૩, ૩૫, ૭૧, ૭૨, ૭૩ અને ૭૪ વાળી ખુલ્લી જગ્યામાં લેન્ડ ફીલ સાઇટ નક્કી કરવા ઠરાવવામાં આવે છે. તેમાં કચરાનો નિકાલ થાય તેવો સેગ્રીગેશન પ્લાન્ટ નાંખવામાં આવે તો કચરાનો નિકાલ થાય અને પ્લાન્ટ થકી આવક પણ થાય તેમ છે. બીજુ કે, ભૂગર્ભ ગટરનાં નિકાલ માંથી ખાતર પણ આ પ્લાન્ટ દ્વારા બનાવી શકાય તેમ છે. તેથી આ પ્લાન્ટ નાંખવા માટે સરકારશ્રીમાં જો રજૂઆત કરવામાં આવે તો ખાસ ગ્રાન્ટ પણ આપવામાં આવે તેમ છે. આ અંગે પર્યાવરણ વિભાગની સંલગ્નિત કચેરીએથી જરૂરી પરવાનગી પણ મેળવવાની થાય. જે તમામ બાબતો ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા દ્વારા રોજબરોજનાં ઉપાડવામાં આવતાં ઘન કચરાનાં નિકાલ માટે ઉક્ત જણાવેલ સર્વે નંબરોવાળી જગ્યામાં સંલગ્નિત કચેરીએથી મંજુરી મેળવી તે જગ્યામાં લેન્ડ ફીલ સાઇટ નક્કી કરવા ઠરાવવામાં આવે છે. અને તેમાં સેગ્રીગેશન પ્લાન્ટ નાંખવા જરૂરી પ્લાન, એસ્ટીમેટ તથા કન્સલ્ટન્ટ પાસે તૈયાર કરાવી જરૂરી ગ્રાન્ટની રકમ મેળવવા સરકારશ્રીમાં દરખાસ્ત કરવાની ઘટતી કાર્યવાહી હાથ ધરવા તેમજ તે અંગેનાં નિયમો બનાવવા, પ્લાન્ટ ચલાવવા માટે માનવશક્તિ અર્થે કર્મચારીઓની નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નિમણૂક જરૂરી મંજુરી મેળવી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૭)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા માટે મોબાઇલ ટોઇલેટ વાન નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૫ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી,શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા માટે મોબાઇલ ટોઇલેટ વાન નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા સફાઇ અભિયાન હેઠળ વિવિઘ કાર્યક્રમો કરી સ્વચ્છતાને પ્રાધાન્ય આપ્યું છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં યોજાતાં ધાર્મિક તહેવારો, મેળાઓ કે જાહેર કાર્યક્રમોમાં વધુ પ્રમાણમાં જનમેદની આવતી હોય છે. જેઓને પાયાની સઘવડ મળી રહે અને નાગરિકોનાં સ્વાસ્થ્ય જળવાઇ રહે અને જાહેરમાં ગંદકી ન થાય તેવા આશયથી તેમજ શહેરને કલીન સીટી બનાવવાનાં અભિગમને અપનાવતાં મોબાઇલ ટોઇલેટવાન હોવી જરૂરી છે. સરકારશ્રી દ્વારા પેટલાદ નગરપાલિકાને મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અંતર્ગત ગ્રાન્ટની ફાળવણી કરેલ છે. તેમાંથી આવી મોબાઇલ ટોઇલેટવાન ખરીદ કરી શકાય તેમ છે. તેથી સરકારશ્રી દ્વારા ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા માટે મોબાઇલ ટોઇલેટ વાન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૮)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ શહેરનો વિકાસ નકશો (ડેવલોપ પ્લાન) રીવાઇઝ કરાવવા અંગે તેની પ્રસિધ્ધી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૬ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ શહેરનો વિકાસ નકશો (ડેવલોપ પ્લાન) રીવાઇઝ કરાવવા અંગે તેની પ્રસિધ્ધી કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ શહેરનો વિકાસ નકશો રીવાઇઝ કરવા સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૩૯ / તા. ૧૦/૦૩/૨૦૦૭ થી ઠરાવ કરી નગર નિયોજકશ્રીની કચેરીમાં દરખાસ્ત કરવામાં આવેલ હતી. જે રીવાઇઝ કરી મંજુર થયેથી નિયમાનુસાર પ્રસિધ્ધ કરવાનો થાય છે. આ બાબતે નગર આયોજન અને મૂલ્યાંકન ખાતુ, આણંદ શાખા તરફથી તેઓની કચેરીનાં પત્ર ક્રમાંક : ડીપી / પેટલાદ / કલમ -૯: ૧૩ /૭૨૦ તા.૨૬/૦૪/૧૬ થી જણાવ્યા અનુસાર વિકાસ યોજનાને અધિનિયમની કલમ – ૧૩ હેઠળ પ્રસિધ્ધ કરવાનો થાય છે. તેથી પેટલાદ શહેરનો વિકાસ નકશો નિયમાનુસારની ઘટતી કાર્યવાહી હાથ ધરી પેટલાદનાં ડી.પી. નકશાને પ્રસિધ્ધ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૯)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં એસ.ટી.પી. પ્લાન્ટને ચલાવવા જરૂરી સ્ટાફ માટેની મંજુરી મેળવવા અને તેવા કર્મચારીઓની ભરતી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૭ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી રસીકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં એસ.ટી.પી. પ્લાન્ટને ચલાવવા જરૂરી સ્ટાફ માટેની મંજુરી મેળવવા અને તેવા કર્મચારીઓની ભરતી કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત હાલમાં ઝોન-એ અને ઝોન-સી કાર્યરત છે. જેનાં ઝોન-બી ને શરૂ કરવા માટે જરૂરી પંપીગ સ્ટેશન તથા પાઇપ લાઇન તેમજ બાકી રહેલ નવિન સોસાયટી વિસ્તારને પણ આવરી લેવા સરકારશ્રીનાં જી.યુ.ડી.સી. દ્વારા પ્રોજેક્ટ મંજુર કરી અંકિતા કન્સ્ટ્રક્શન, અમદાવાદને કામગીરી સોંપવામાં આવેલ હતી. જેથી કામગીરીનાં કરાર મુજબ પંપીગ સ્ટેશન નં.-૬ અને એસ.ટી.પી. પ્લાન્ટ હાલમાં તેઓ દ્વારા ચલાવવામાં આવે છે. જેની સમયમર્યાદા તા.૦૧/૧૦/૨૦૧૭ નાં રોજ પૂરી થાય છે. તેથી તે પુરી થતી મુદત સમયે પેટલાદ નગરપાલિકાએ સદર પ્લાન્ટનું સંચાલન કરવાનું થાય છે. જે માટે આ બાબતનું કૌશલ્ય ધરાવતાં હોય તેવા રીપોર્ટમાં જણાવ્યા મુજબનાં કર્મચારીઓની નિમણૂંક કરવાની થાય છે. તેથી જરૂરિયાત મુજબનાં કર્મચારીઓની ભરતી કરવા સરકારશ્રીમાંથી જરૂરી મંજુરી મેળવવાની થાય છે. તે માટે આવી જગ્યાઓ મંજુર કરાવવા જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં મોકલી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૦) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વાઇ-ફાઇ નેટવર્ક શરૂ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૮ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં વાઇ-ફાઇ નેટવર્ક શરૂ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા દ્વારા વિવિધ સેવાઓ પુરી પાડવામાં આવે છે. તેમાં પેટલાદ શહેરને ટીમ પેટલાદ દ્વારા ડેવલોપ સીટી બનાવવાનાં મક્કમ નિર્ધાર સાથે સીટી સીવીક એપ્લીકેશન ટેકનોલોજી આધારિત અમલમાં મુકવામાં આવેલ છે. અને તેમાં સુધારો કરી ઓનલાઇન માહિતી તથા ફોર્મની સુવિધા પુરી પાડવામાં આવનાર છે. વર્તમાન વિકસતા યુગમાં આવી ટેકનોલોજીનો ઉપયોગ કરી મોટા ભાગની કામગીરી નેટવર્ક દ્વારા કરવામાં આવે છે. જેનો ઉપયોગ શહેરનાં યુવા વર્ગ તેઓનાં અભ્યાસ અર્થે વધુ કરતા હોવાનું જણાઇ આવે છે. તેથી શહેરનાં યુવાધનને પ્રોત્સાહિત કરવા તથા તમામ નાગરિકોને નવિન ટેકનોલોજી ઉપયોગી થઇ શકે તેવી માંગણી અને લાગણીને ધ્યાને લઇ આ બદલાતા યુગ સાથે કદમ મિલાવવાનાં અભિગમ સાથે પેટલાદ નગરપાલિકા દ્વારા એક ઐતિહાસિક પગલું ભરતાં એક વધારાની સુવિધા આપવા શહેરમાં વાઇ-ફાઇ નેટવર્ક શરૂ કરવા ઉચિત જણાય છે. તે માટે જરૂરી કાર્યવાહી કરવા, સામાન ખરીદ કરવા, તેનાં નિયમો બનાવવા વિગેરે જેવી તમામ બાબતોની ઘટતી કાર્યવાહી હાથ ધરવા તેમજ તેનો અમલ કરવા માટેની રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને સત્તા આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર રૂા.૨૫.૦૦ લાખનાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહે મૌખિક રીતે જણાવ્યુ કે, ઉપરોક્ત કામે જે કાંઇ નિયમો બનાવવામાં આવશે તે આગામી બોર્ડમાં રજૂ કરવામાં આવશે કે કેમ ?. જેનાં પ્રત્યુત્તરમાં રા.અધ્યક્ષશ્રીએ જણાવ્યુ કે, ઉપરોક્ત કામે બનાવવામાં આવનાર નિયમો આગામી સામાન્ય સભામાં રજૂ કરી તેને મંજુર કરી અમલમાં મુકવામાં આવનાર છે. જેની નોંધ લેવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૧) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં વિવિધ શોપિંગ સેન્ટરની અગાસી ભાડે આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૧૯ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી ફઇમાબાનુ. ડી. મલેક, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં વિવિધ શોપિંગ સેન્ટરની અગાસી ભાડે આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હસ્તકનાં જુદા જુદા શોપિંગ સેન્ટરો આવેલ છે. જેની દુકાનો ઘટતી કાર્યવાહીથી ભાડે આપવામાં આવે છે. પરંતુ તેની અગાસી બિન ઉપયોગી હાલતમાં પડી રહેલ છે. પેટલાદ નગરપાલિકાનાં વધતાં જતાં વહીવટી ખર્ચ તથા પગારખર્ચને પહોંચી વળવા જો આવી જગ્યાઓ ભાડે આપવામાં આવે તો તેનાં ભાડાની થતી આવકથી સંસ્થાને આવકનાં સ્ત્રોત મળી રહે. બીજું કે, ધંધા રોજગાર જો આવી અગાસીમાં થાય તો રસ્તા પર થતાં દબાણો ઘટે તેમ છે. તેથી જો પેટલાદ નગરપાલિકા દ્વારા આવી અગાસી વાળી જગ્યાઓ જે તે શોપિંગ સેન્ટરની પાકી દુકાનનાં જે ભાડા વસુલ લેવામાં આવે છે. તેનાંથી અડધા દરે અને તદ્દન કાચા શેડ જે તે ભાડે રાખનાર ઇસમ દ્વારા કરવામાં આવે તથા ભવિષ્યમાં નગરપાલિકાને આ જગ્યાની નગરપાલિકાને કોઇ બાંધકામ અર્થે જરૂર પડે તો કબ્જો પરત ૩૦ દિવસમાં આપવાની શરતે ભાડે આપવા ઠરાવવામાં આવે છે. અને કામ સાથે સામેલ નિયમો પૈકી નિયમ (૩) માં જણાવ્યા આધારે પબ્લિકને ત્રાસદાયક થાય તેવા ધંધા નહિં કરવા જણાવેલ છે. પરંતુ અગાસીમાં કોઇ રાહદારીની અવરજવર હોતી નથી. જેથી ખોરાકમાં લઇ શકાય તેવા પદાર્થોનો ધંધો કરવા અને ગુનાહિત પ્રવૃત્તિ કે દારૂખાના જેવી અકસ્માતે સળગી ઊઠે તેવી ચીજ વસ્તુનાં વેપાર ધંધા કરી ન શકાય તેવા સુધારા સાથેનાં નિયમ(૩) સહિતનાં નિયમોને આધિન અને નવિન રોજગારીની તકો ઊભી થાય તે માટે અગાસીવાળી જગ્યાઓ નિયામનુસારની પ્રક્રિયાથી જો ભાડે આપવામાં આવે તો તેનાંથી સંસ્થાને આવક થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હસ્તકનાં આવેલ વિવિધ શોપિંગ સેન્ટરની અગાસીવાળી જગ્યાઓ કામ સાથે સામેલ નિયમો પૈકી નિયમ નં.૩ માં જણાવેલ સુધારા સહિતનાં નિયમોને આધિન નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી ભાડે આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રીમતિ ગીતાબેન. એ. પટેલનાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે;

આથી અમો નગરપાલિકાનાં અભ્યશ્રીઓ કામ નં. ૧૧ અન્વયે સુધારો દર્શાવીએ છીએ કે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ વિવિધ શોપિંગ સેન્ટરોની અગાસી (ધાબા) ભાડે આપવા બાબત ઠરાવવામાં આવેલ છે. તેના નિયમોનો અભ્યાસ કરતાં તેમાં સારાસારનો વિચાર કરતાં તે નિયમોમાં ઘણા સુધારાઓ કરવાની જરૂરિયાત હોવાથી તેમાં હાલ પૂરતા આ કામને મોકૂફ રાખવા સૂચવવામાં આવેલ છે.

ઉપર જણાવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ મતદાન છેલ્લે આવેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે. તેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર નિયમાનુસાર પ્રથમ મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ૧. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | નથી |
| ૨. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | ૨. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | |
| ૩. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ૩. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | |
| ૪. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ૪. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | |
| ૫. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ૫. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | |
| ૬. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ૬. | શ્રીમતિ રેહાનાબાનું. એ. ખલીફા | |
| ૭. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | ૭. | શ્રી ફઇમાબાનું. ડી. મલેક | |
| ૮. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | ૮. | શ્રી આરીફખાન. જે. સૈયદ(પઠાણ) | |
| ૯. | શ્રીમતિ રીટાબેન. યુ. શાહ | ૯. | શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | |
| ૧૦. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | ૧૦. | શ્રીમતિ નફીસાબાનું. જે. શેખ | |
| ૧૧. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | ૧૧. | શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી | |

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીની સંપર્ક કરવો.

| | | | |
|---|---|---|---|
| ૧૨. | શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | ૧૨. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી |
| ૧૩. | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | ૧૩. | શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા |
| ૧૪. | શ્રી જયેશકુમાર. કે. પટેલ | ૧૪. | શ્રી અસ્લમબેગ. એ. મિરઝા |
| ૧૫. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | | કુલ : ૧૪ (ચૌદ) મત |
| ૧૬. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | | |
| ૧૭. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | | |
| ૧૮. | શ્રી ફરીદખાન. ડી. પઠાણ | | |
| ૧૯. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | | |
| ૨૦. | શ્રી અબરારબેગ. ડી. મિરઝા | | |
| ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | | |
| ૨૨. | શ્રી વિજયભાઇ. સી. તળપદા | | |
| | કુલ : ૨૨ (બાવીસ) મત | | |

ત્યારબાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| | દરખાસ્તની તરફેણમાં | | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ૧. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | નથી |
| ૨. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૨. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૩. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૩. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૪. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૪. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૫. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૫. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| ૬. | શ્રીમતિ રેહાનાબાનું. એ. ખલીફા | ૬. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| ૭. | શ્રી ફઇમાબાનું. ડી. મલેક | ૭. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |
| ૮. | શ્રી આરીફખાન. જે. સૈયદ(પઠાણ) | ૮. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | |
| ૯. | શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | ૯. | શ્રીમતિ રીટાબેન. યુ. શાહ | |
| ૧૦. | શ્રીમતિ નફીસાબાનું. જે. શેખ | ૧૦. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | |
| ૧૧. | શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી | ૧૧. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | |
| ૧૨. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | ૧૨. | શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | |
| ૧૩. | શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા | ૧૩. | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | |
| ૧૪. | શ્રી અસ્લમબેગ. એ. મિરઝા | ૧૪. | શ્રી જયેશકુમાર. કે. પટેલ | |
| | કુલ : ૧૪ (ચૌદ) મત | ૧૫. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | |
| | | ૧૬. | શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | |
| | | ૧૭. | શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| | | ૧૮. | શ્રી ફરીદખાન. ડી. પઠાણ | |
| | | ૧૯. | શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | |
| | | ૨૦. | શ્રી અબરારબેગ. ડી. મિરઝા | |
| | | ૨૧. | શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | |
| | | ૨૨. | શ્રી વિજયભાઇ. સી. તળપદા | |
| | | | કુલ : ૨૨ (બાવીસ) મત | |

ઉપર જણાવ્યા મુજબ સુધારા દરખાસ્ત તથા મૂળ દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં સુધારા દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ સુધારા દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીની સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૨)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળે પે એન્ડ યુઝ શૌચાલય નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૦ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી ફઇમાબાનું ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળે પે એન્ડ યુઝ શૌચાલય નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા સ્વચ્છ ભારત અભિયાન ચલાવવામાં આવેલ છે. ટીમ પેટલાદ દ્વારા શહેરને કલીન સીટી બનાવવાનો મુખ્ય અભિગમ રહેલો છે. જેથી શહેરમાં આવેલ પછાત અને ગરીબ વિસ્તારોનાં રહીશોને તેઓની પાયાની સગવડ મળી રહે અને સ્વાસ્થ્ય જળવાઇ રહે તેવા આશયથી શૌચાલયો નવિન બનાવવા યોગ્ય છે. જે બાબતે સરકારશ્રી દ્વારા ગ્રાન્ટની રકમ પણ ફાળવવામાં આવે છે. તેથી જરૂરી દરખાસ્ત કરી મળનાર ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નીચે જણાવેલ સ્થળોએ નવિન શૌચાલયો બનાવવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સ્થળ | અંદાજીત ખર્ચની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | બુલાખી મીલની ચાલી સામે | ૮,૩૬,૫૬૦=૦૦ |
| ૨ | મલકુવા પાસે | ૮,૩૬,૫૬૦=૦૦ |
| ૩ | ખોડિયાર તળપદાવાસ પાસે | ૮,૩૬,૫૬૦=૦૦ |
| ૪ | મલાવ વડ પાસે (સરદરનગરનાં રસ્તા ઉપર) | ૮,૩૬,૫૬૦=૦૦ |
| ૫ | સંસ્કૃત મહાવિદ્યાલય સેનેટરી રોડ | ૮,૩૬,૫૬૦=૦૦ |
| | કુલ :- | ૪૧,૮૨,૮૦૦=૦૦ |

ઉપર જણાવેલ સ્થળોએ નવિન શૌચાલયો બનાવવા જરૂરી દરખાસ્ત સરકારશ્રીમાં કરી તે આધારે મળનાર ગ્રાન્ટની રકમમાંથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી જણાવેલ સ્થળોએ નવિન શૈચાલયો બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૪૧,૮૨,૮૦૦=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટની રકમ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૩) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સી-ઝોન માં આવેલ મલાવ ભાગોળ નબી ભઠીયારા પાસે થી દેવકુવા તીનબત્તીને જોડતી મેઇન પાઇપ લાઇન બેસી જવાથી તેનું નિરાકરણ લાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૧ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી રસિકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સી-ઝોન માં આવેલ મલાવ ભાગોળ નબી ભઠીયારા પાસે થી દેવકુવા તીનબત્તીને જોડતી મેઇન પાઇપ લાઇન બેસી જવાથી તેનું નિરાકરણ લાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજના અંતર્ગત સી-ઝોન માં આવેલ મલાવ ભાગોળ નબી ભઠીયારા પાસેથી મેઇન રોડ પરથી દેવકુવા તીનબત્તી રોડને જોડતા રસ્તાની બન્ને બાજુએ આવેલ મેઇન પાઇપ લાઇન બેસી ગયેલ છે. જેથી આ જગ્યાએ જેટીગ મશીન મારી સફાઇ કરાવવામાં આવતાં પાઇપ લાઇનમાં સરળતાથી પાણી વહન થતું નથી અને મેનહોલમાંથી ગંદુ પાણી બહાર આવી ગંદકી થાય છે. જેથી કોઇ રોગચાળો ફેલાય નહિં અને સ્વચ્છતા જળવાય તે હેતુસર તેનું રીપેરીગ કરાવવું આવશ્યક છે. જેથી તેનું રીપેરીગ કરાવવા એસ.ઓ.આર. રેટ મુજબ અંદાજ તૈયાર કરવામાં આવતાં રૂા.૧,૩૨,૬૬૦/- જેટલો ખર્ચ થવા જાય છે. આ એસ.ઓ.આર. રેટ ઘણાં જુના છે. અને નવા મંજુર થઇ આવેલ નથી. પરંતુ આવી કામગીરી કરતી એજન્સી પાસેથી સ્થળ સ્થિતિ મુજબ તેનો અંદાજ મેળવવામાં આવતાં રૂા.૪,૫૦,૦૦૦/- જેટલો ખર્ચ થવા જાય છે. સદર પાઇપ લાઇન ૧૬ ફુટ જેટલી ઊંડાઇએ આવેલી છે. જેથી અનુભવી અને જાણકાર એજન્સી પાસેથી આ કામગીરી કરાવવી ઊચિત જણાય છે. પરંતુ સદર કામગીરી કરાવવી ખૂબ જ આવશ્યક હોઇ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ઘરી હાલનાં બજાર ભાવથી તાત્કાલિક રીપેરીગ કરાવવા ઠરાવવામાં આવે છે. તે અંગેનાં થનાર રૂા.૪.૫૦ લાખનાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૪) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગનાં બગડી ગયેલ અને જર્જરિત હાલતનાં વિવિધ સાધનો જાહેર હરાજીથી વેચાણ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૨ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગનાં બગડી ગયેલ અને જર્જરિત હાલતનાં વિવિધ સાધનો જાહેર હરાજીથી વેચાણ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતાં પાવર ટ્રેક્ટર, વિવિધ જુના ટ્રેક્ટર, મેલા ટાંકી, લીફટર વિગેરે જેવા સાધનો હાલમાં બગડી ગયેલ હોવાથી બિન ઉપયોગી પડી રહેલ છે. જે ઘણાં વર્ષો જુના હોઇ તેનું રીપેરીગ કરાવવામાં આવે તો પણ જોઇએ તેટલા કાર્યદક્ષ થાય તેમ નથી અને રીપેરીગ ખર્ચ વધુ થાય તેમ છે. તેથી તેની તળીયાની કિંમત ગવર્નમેન્ટ વેલ્યુઅર પાસેથી કઢાવી તે મુજબની તળિયાની કિંમત આધારે જાહેર હરાજીથી વેચાણ આપવા હિતાવહ જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં જુના જર્જરિત અને બિન ઉપયોગી એવા નીચે જણાવેલ વિવિધ સાધનો નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી જાહેર હરાજીથી વેચાણ આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | રજીસ્ટ્રેશન નંબર | સાધનનું નામ |
|---|---|---|
| ૧ | જીજે-૨૩-બી-૬૯૧૩ | પાવર ટેક ટ્રેક્ટર |
| ૨ | જીજે-૨૩-બી-૭૦૬૦ | પાવર ટેક ટ્રેક્ટર |
| ૩ | જીજે-૨૩-બી-૩૭૧૨ | ટ્રેક્ટર મેશી |
| ૪ | જીજે-૨૩-બી-૩૭૨૧ | ટ્રેક્ટર મેશી |
| ૫ | જીજે-૨૩-બી-૭૨૧૪ | પાવર ટેક પાવર ડોઝર (પતરૂ) |
| ૬ | જીજે-૭-ઝેડ-૬૪૭૨ | મેલા ગાડી જુની |
| ૭ | જીજે-૭-ઝેડ-૫૯૮૧ | પાણીની ટેન્કર જુની |
| ૮ | જીજે-૭-ઝેડ-૭૭૭૨ | પાણીની ટેન્કર જુની |
| ૯ | ૦૩-પીટી-૦૦૪-એલડી | લીફ્ટર નંગ-૦૧ |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૫) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગની સફાઇ કામગીરીને પહોંચી વળવા ફાળવેલ ટ્રેક્ટર માટે જરૂરી ટેક્ટર ડ્રાઇવરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૩ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી રસીકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગની સફાઇ કામગીરીને પહોંચી વળવા ફાળવેલ ટ્રેક્ટર માટે જરૂરી ટેક્ટર ડ્રાઇવરની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગની સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેક્ટર ઉપરાંત તાજેતરમાં ૩ ટ્રેક્ટર નવિન ખરીદ કરવામાં આવતાં દરેક વોર્ડ દીઠ એક ટ્રેક્ટર ફાળવવામાં આવેલ છે. પરંતુ તેને ચલાવવા ટ્રેક્ટર ડ્રાઇવર હાલમાં ઓછા છે. આ ઉપરાંત મેલા ગાડી, વેક્યુમ એમ્ટીયર, પાણીની ટાંકી, રોડ કલીનર મશીન વિગેરે જેવા સાધનો માટે પણ ટ્રેક્ટર ડ્રાઇવરની જરૂરિયાત રહે છે. તેથી શહેરની સફાઇ કામગીરીને પહોંચી વળવા તે કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેક્ટર માટેનાં ત્રણ ટ્રેક્ટર ડ્રાઇવરની નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૬) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળે આવેલ હયાત જાહેર શૌચાલયો ખૂબજ જર્જરિત હાલતમાં હોઇ તેનું રીનોવેશન કરી નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૪ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસીકભાઇ. જે. મકવાણા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુદા જુદા સ્થળે આવેલ હયાત જાહેર શૌચાલયો ખૂબજ જર્જરિત હાલતમાં હોઇ તેનું રીનોવેશન કરી નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં પછાત વિસ્તારમાં નગરપાલિકા દ્વારા જાહેર શૌચાલયો ઘણાં વર્ષો પહેલાં બનાવવામાં આવેલ છે. જેનાં વપરાશને કરાણે હાલમાં જર્જરિત હાલતમાં છે. તેનું રીનોવેશન કરાવવું ખૂબજ જરૂરી છે. સરકારશ્રી દ્વારા આ બાબતે પે એન્ડ યુઝ યોજના હેઠળ ગ્રાન્ટની રકમ ફાળવવામાં આવેલ છે. સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ વિવિધ સ્થળોનાં જાહેર શૌચાલયોનું રીનોવેશન કરી નવિન બનાવવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | સ્થળ | અંદાજીત ખર્ચની રકમ રૂ. |
|---|---|---|
| ૧ | મલાવ વાઘરીવાસ | ૨,૮૧,૫૯૦=૦૦ |
| ૨ | મદની ચોક સામે દેવકુવા વાઘરી વાસ | ૨,૮૧,૫૯૦=૦૦ |
| ૩ | કોલેજ ચોકડી પાસે | ૨,૮૧,૫૯૦=૦૦ |
| | કુલ :- | ૮,૪૪,૭૭૦=૦૦ |

ઉપર જણાવેલ સ્થળોએ આવેલ જર્જરિત શૌચાલયોનું સરકારશ્રી દ્વારા પે એન્ડ યુઝ યોજના હેઠળ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી રીનોવેશ કરી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ કુલ રૂ.૮,૪૪,૭૭૦=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવેલ ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૭) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરાતો માટે ઊભા કરવામાં આવતાં હોડીગ્સ બોર્ડ માટેની જગ્યા નક્કી કરવા તથા તેવી જગ્યાઓ ભાડે આપવાનાં દરવારી તથા નિયમો તૈયાર કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૫ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જાહેરાતો માટે ઊભા કરવામાં આવતાં હોડીગ્સ બોર્ડ માટેની જગ્યા નક્કી કરવા તથા તેવી જગ્યાઓ ભાડે આપવાનાં દરવારી તથા નિયમો તૈયાર કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જગ્યામાં લોખંડનાં એંગલ ઊભા કરી જાહેરાત માટે બોર્ડ લગાવવાનાં દર સામાન્ય સભાનાં ઠરાવ નં. ૨૧ / તા.૩૧/૭/૯૫ નાં ઠરાવનાં અનુક્રમ નં.૭ થી ઠરાવ્યા આધારે પ્રતિ ચોરસ ફુટ રૂા.૧૫/- વાર્ષિક લેખે ભાડુ નક્કી કરવામાં આવેલ હતું અને તે મુજબ જુદી જુદી જગ્યાઓ હોર્ડિંગ બોર્ડ માટે ભાડે આપવામાં આવે છે. જેમાં જે એજન્સી દ્વારા નિયમિત ભાડુ જમા કરાવવામાં આવતાં હોય તે સિવાય જે એજન્સી દ્વારા નિયમિત ભાડુ જમા કરાવવામાં આવતું ન હોય તેવી એજન્સીનાં બોર્ડ તથા તેનો સામાન નગરપાલિકામાં જમા કરી તેમાંથી નગરપાલિકાનું બાકી ભાડુ વસુલ કરી તેવી એજન્સીઓને બ્લેક લીસ્ટ કરી હવે પછી તેમને આવી જગ્યાઓ ભાડે નહિં આપવા ઠરાવવામાં આવે છે. સદર ભાડાનાં દર માટે જાહેરાત થકી લેખિત ઓફર મંગાવવા અને તેમાં જેનાં સૌથી વધુ ભાવ હોય તેવી એજન્સીને અને તેટલા ભાડાનાં દરથી ભાડાની જગ્યા આપવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનાં નિયમો અને જગ્યાની ફાળવણી અંગે રા.પ્રમુખશ્રી અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૮)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા તથા અન્ય કામે જુદા જુદા રોડને થયેલ નુકશાન વાળા રોડ નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૬ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવા તથા અન્ય કામે જુદા જુદા રોડને થયેલ નુકશાન વાળા રોડ નવિન બનાવવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ જાહેર માર્ગો પૈકી કેટલાંક રસ્તા ભૂગર્ભ ગટરની પાઇપ લાઇન નાંખવાનાં કામે રોડને નુકશાન થયેલ છે. તે માટે સરકારશ્રીનાં ગુજરાત શહેરી વિકાસ મિશન, ગાંધીનગર દ્વારા તેઓની કચેરીનાં પત્ર ક્રમાંક : GUDM / ટેક/ ૧૦૦૫ તા.૨૨/૬/૧૬ થી મે.જિલ્લા કલેટરશ્રીને જણાવ્યા આધારે આવા રસ્તા પુનઃસ્થાપિત કરવા ગ્રાન્ટની રકમ રૂા.૪.૪૪ કરોડ ફાળવવામાં આવેલ હતાં. સદર ગ્રાન્ટની રકમમાંથી અગાઉ રૂા.૨.૪૦ કરોડનાં કામ મંજુર થયેલ છે. અને રૂા.૮.૩૫ લાખની રકમ ચૂકવવાની બાકી છે. તેથી સદર ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી બાકી રહેતી રકમ રૂા.૧.૨૧ કરોડનાં કામની દરખાસ્ત કરી બાકી ગ્રાન્ટની રકમ મેળવવાની થાય છે. જેની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | કામનું નામ | અંદાજીત ખર્ચની રકમ રૂા. |
|---|---|---|
| ૧ | પેટલાદ (શ) માં આવેલ ખંભાત નડિયાદ રોડ (જનકવાટિકા) થી દેવકુવા પંપીગ સ્ટેશન સુધી | ૨૩,૩૯,૦૦૦=૦૦ |
| ૨ | ૧) પેટલાદ (શ) માં આવેલ કાલકાગેટથી જેત્રાનાં વડ તરફનો રસ્તો રૂા.૨૩,૫૬,૭૦૦/-<br>૨) પેટલાદ (શ) માં આવેલ છોટાભગતની દર્મશાળાથી બસ સ્ટેન્ડ તરફનો એપ્રોચ રસ્તો રૂા.૧૬,૧૯,૭૦૦/- | ૩૯,૭૬,૪૦૦=૦૦ |
| ૩ | પેટલાદ (શ) માં આવેલ કલાલ પીપળથી ગોલવાડ પનીવાડ તરફનો રસ્તો | ૪,૮૨,૩૦૦=૦૦ |
| ૪ | પેટલાદ (શ) માં આવેલ દેવકુવા તીનબત્તી ચોકથી ટાવર તરફનો રસ્તો | ૧૫,૯૨,૫૦૦=૦૦ |
| ૫ | પેટલાદ (શ) માં આવેલ સ્વામિનારાયણ મંદિર તરફનો રસ્તો | ૨૦,૯૫,૦૦૦=૦૦ |
| ૬ | પેટલાદ (શ) માં આવેલ અંબામાતાનાં મંદિર થી ટાવર થઇ ચાવડી બજાર તરફનો રસ્તો | ૧૩,૯૩,૩૦૦=૦૦ |
| ૭ | પેટલાદ (શ) માં આવેલ વૈજનાથ મંદિરથી સચિન સોસાયટી તરફનો રસ્તો | ૧૯,૮૩,૦૦૦=૦૦ |
| | કુલ :- | ૧,૩૮,૬૧,૫૦૦=૦૦ |

ઉપર જણાવ્યા મુજબનાં રસ્તાઓ સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી કરવા જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. જે મંજુર થયેથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. ઉપર જણાવેલ કામો સામે જણાવેલ અંદાજીત ખર્ચની રકમો મળી કુલ રૂા.૧,૩૮,૬૧,૫૦૦=૦૦ નાં અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. ફાળવવામાં આવનાર ગ્રાન્ટ ઉપરાંત થનાર વધારાનો ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૧૯) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું પાવરડોઝર વપરાશને કારણે જર્જરિત થયેલ હોવાથી તેને વેચાણ આપી નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૭ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રી રસિકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું પાવરડોઝર વપરાશને કારણે જર્જરિત થયેલ હોવાથી તેને વેચાણ આપી નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે, કચરાનાં ઢગલાંને લેવલીગ કરવા, જમીન સમતલ કરવાનાં કામે ટ્રેક્ટરમાં પતરૂ ફીટ કરાવી પાવરડોઝર બનાવવામાં આવેલ છે. જેનાં વપરાશને કારણે ખરાબ થઇ ગયેલ છે. જેની કાર્યદક્ષતા પણ ઘટી ગયેલ છે. જેનો રીપેરીગ ખર્ચ વધુ આવે તેમ છે તેથી તેને નિયમાનુસારની પ્રક્રિયા હાથધરી જાહેર હરાજીથી વેચાણ આપવું હિતાવહ જણાય છે. અને તેને વેચાણ આપી નવિન પાવરડોઝર ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૯,૨૯,૦૦૦=૦૦ નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૦) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી – જેસરવા રોડ પર આવેલ સર્વે નં.૭૧૯ માં નવિન બનતી સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ કામ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૮ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી રસિકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી – જેસરવા રોડ પર આવેલ સર્વે નં.૭૧૯ માં નવિન બનતી સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન નાંખવા અંગે આવેલ કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ શેખડી – જેસરવા રોડ પર બનતી સોસાયટીમાં પીવાનાં પાણીના કનેક્શન મેળવવા શ્રી કેવલકુમાર રાવજીભાઇ પટેલની અરજી આવેલ છે. પાણી એ જીવન જરૂરિયાત માટે ખૂબ જ આવશ્યક છે તેથી પીવાનાં પાણીનાં કનેક્શન આપવા યોગ્ય છે. જેથી આ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જાહેર રસ્તાઓ જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી – જેસરવા રોડ પર આવેલ સોસાયટીમાં પીવાનાં પાણીનાં કનેકશન આપવા પેટલાદ નગરપાલિકાની હયાત પીવાનાં પાણીની પાઇપ લાઇન માંગણીવાળી જગ્યાએથી અંદાજે ૩૦ મીટર જેટલી દૂર આવેલ છે. જે પાઇપ લાઇન નાંખવાની થાય છે. સદર પાઇપ લાઇન સોસાયટીનાં રહીશોએ પોતાનાં સ્વખર્ચે નાંખવા સંમતિ આપેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી-જેસરવા રોડ પર આવેલ સર્વેનં.૭૧૯ વાળી જગ્યામાં બનતી સોસાયટીમાં પીવાનાં પાણીની પાઇપ લાઇન સંસ્થાનાં એન્જીનીયરનાં માર્ગદર્શન અને સુપરવિઝન હેઠળ તેઓનાં સ્વખર્ચે નાંખી પીવાનાં પાણીનાં કનેક્શન આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૧) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામા રેસીડન્સીનાં આંતરિક રસ્તા જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૨૯ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી રસિકભાઇ. જે. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામા રેસીડન્સીનાં આંતરિક રસ્તા જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામા રેસીડન્સીનાં આંતરિક રસ્તા જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

સરકારશ્રી દ્વારા જનભાગીદારી યોજના અંતર્ગત વિકાસનાં કામો હાથ ધરવા અંગેની ગ્રાન્ટની રકમ પેટલાદ નગરપાલિકાને ફાળવેલ છે. ટીમ પેટલાદ શહેરને ડેવલોપ સીટી, કલીન સીટી, અને ગ્રીન સીટી બનાવવાનો અભિગમ ધરાવે છે. જેમાં સીસી. રોડનું આયુષ્ય વધુ હોય છે અને સ્વચ્છતા પણ રહે છે. જેથી આ ફાળવેલ ગ્રાન્ટની રકમમાંથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ રામા રેસીડન્સીનાં કામ સાથે સામેલ નકશામાં બતાવ્યા મુજબનાં આંતરિક રસ્તા જનભાગીદારીથી સી.સી. કરાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે યોજનાનાં ધારાધોરણ મુજબ અરજદારશ્રીએ ભરવાપાત્ર રકમ નગરપાલિકામાં ચૂકતે ભરપાઇ કર્યેથી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી કામગીરી કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૨) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં અમલી સીટી સીવીક એપ્લીકેશનમાં નાગરિકોને વધુ સુવિધા મળી રહે તેવી વધારાની સુવિધાનો ઉમેરો કરી એપ્લીકેશન ડેવલોપ કરવા અંગે આવેલ પત્ર વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૦ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી ફઇમાબાનુ. ડી. મલેકનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકામાં અમલી સીટી સીવીક એપ્લીકેશનમાં નાગરિકોને વધુ સુવિધા મળી રહે તેવી વધારાની સુવિધાનો ઉમેરો કરી એપ્લીકેશન ડેવલોપ કરવા અંગે આવેલ પત્ર વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં ટીમ પેટલાદનો પેટલાદ શહેરને ગ્રીન સીટી, કલીન સીટી અને ડેવલોપ સીટી બનાવવાનો મુખ્ય અભિગમ રહેલો છે. તે અન્વયે નાગરિકોને નગરપાલિકા સુધી પોતાની ફરિયાદો લઇને આવવું ન પડે તેવા શુભાશયથી હેલ્પ લાઇન દ્વારા સીટી સીવીક એપ્લીકેશન અમલમાં મુકવામાં આવેલ છે. જેનો લાભ લોકો લે છે. અને નાગરિકોએ બિરદાવી છે. જેથી તેને સફળતા મળેલ છે. આ એપ્લીકેશનમાં આપવામાં આવતી સુવિધામાં વધારો કરી એક આગવા અભિગમ અંતર્ગત અને પારદર્શક વહીવટનાં પ્રતિકરૂપે આગવી ઓળખ પણ ઊભી થાય તેવા શુભાશય સાથે પેટલાદનાં વતની હોય અને ભારતનાં કે દુનિયાનાં કોઇપણ છેડેથી પેટલાદની માહિતી મેળવવી અથવા જો પોતાની મિલકત હોય તો તે જાણકારી મેળવવી વિગેરે જેવી સુવિધાઓ નાગરિકોને વધુ સરળતાથી મળી રહે તે માટે એપ્લીકેશન સંચાલક દ્વારા તેઓનાં આવેલ પત્રમાં જણાવ્યા મુજબ વિના મૂલ્યે થઇ શકે તેવા મુદ્દાઓ જણાવેલ છે. તે પૈકી કોઇ અરજદારને વિવિધ દાખલા લેવા માટે જરૂરી નિયત નમૂના અરજી ફોર્મ મેળવવા નગરપાલિકાએ આવવુ પડતુ હોય છે. અને તેમાં જણાવેલ પુરાવા રજૂ કરી ફરીથી નગરપાલિકામાં આવવુ પડે છે. જે ઓન લાઇન મેળવી શકે અને તેમાં જણાવેલ પુરાવા સાથે ફક્ત એક જ સમયમાં તેઓની કામગીરી પૂર્ણ થાય તેવી સુવિધા, નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ તમામ મિલકતોનાં બાકી વેરા તથા અન્ય વેરા કે જે સોફ્ટવેર આધારિત હોય તેવા બાકી વેરા અને અન્ય માહિતી પણ કોઇપણ ઠેકાણેથી ઓન લાઇન મેળવી શકે અથવા હેલ્પ લાઇન નંબર થકી માહિતી મેળવી શકે વિગેરે જેવી બાબતોનો સદર એપ્લીકેશનમાં જરૂરી કાર્યવાહીથી વધારો કરી અમલમાં મૂકવા ઠરાવવામાં આવે છે. સદર કામે કોઇ ટેકનીકલ બાબતનો અથવા યાંત્રિક સાધનની જરૂર હોય અને તેવા ખર્ચ કરવાનાં થાય તો તે ખર્ચ કરવાની સત્તા રા.પ્રમુખશ્રીને આપવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૩) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટરની સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું જેટિંગ મશીન નગરપાલિકા હદ બહાર ભાડે આપવા અંગે આવેલ રીપોર્ટ તથા નિયમો વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૧ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટરની સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું જેટિંગ મશીન નગરપાલિકા હદ બહાર ભાડે આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટરની સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું જેટિંગ મશીન નગરપાલિકા હદ બહાર ભાડે આપવા અંગે આવેલ રીપોર્ટ તથા નિયમો વંચાણમાં લીધા. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાની ભૂગર્ભ ગટર યોજનાની પાઇપ લાઇન તથા કુંડીઓની સફાઇ કામગીરી અર્થે જેટીગ મશીન ઉપલબ્ધ છે. આ મશીન ઘણી વખત નગરપાલિકાનાં ઉપયોગમાં ન હોય ત્યારે પડી રહે છે. તેથી જો આવા નગરપાલિકાનાં ઉપયોગમાં ન હોય તેવા સંજોગોમાં નગરપાલિકા હદ બહાર આ મશીન ભાડે આપવામાં આવે તો તેનાં ભાડાની આવક થાય અને સંસ્થાને આર્થિક ફાયદો પણ થાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતું જેટીગ મશીન નગરપાલિકા હદ બહાર ભાડે આપવા ઠરાવવામાં આવે છે. જેનાં ભાડાનાં દર નીચે મુજબ છે.

| અ.નં. | કામનો પ્રકાર | ભાડાનાં દર રૂા. |
|---|---|---|
| ૧ | જેટીગ મશીન પેટલાદ નગરપાલિકા હદ બહાર ડિપોઝીટ પેટે | ૨,૫૦૦=૦૦ |
| ૨ | જેટીગ મશીન પેટલાદ નગરપાલિકા હદ બહાર ભાડુ | ૧,૦૦૦=૦૦ |
| ૩ | કિલોમીટર દીઠ | ૧૫=૦૦ |

ઉપર જણાવેલ વિગતોએ અને કામ સાથે સામેલ નિયમોને આધિન પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં જેટીગ મશીનને કામમાં મશીન ફાજલ હોય તેવા સમયે નગરપાલિકા હદ બહાર ભાડે આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે.ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૪) :** કારોબારી સમિતિની ભલામણ સહ આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત બનાવવામાં આવતાં આવાસોનાં બાંધકામ કામગીરી કરતી એજન્સી શ્રી ગરૂદેવ ખાદી સેવા સંઘની બાંધકામ સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૨ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી રસિકભાઇ. જે. મકવાણા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત બનાવવામાં આવતાં આવાસોનાં બાંધકામ કામગીરી કરતી એજન્સી શ્રી ગરૂદેવ ખાદી સેવા સંઘની બાંધકામ સમયમર્યાદામાં વધારો કરી આપવા અંગે આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રી દ્વારા આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત આવાસો બનાવવાનાં કામે શ્રી ગુરૂદેવ ખાદી સેવા સંઘનાં ભાવ મંજુર કરી તેની કામગીરી સોંપવામાં આવેલ હતી. સદર બાંધકામ કામગીરીની સમયમર્યાદા તા.૩૦/૧૦/૨૦૧૬ નાં રોજ પુરી થતી હોઇ તેમાં વધારો કરી આપવા આ એજન્સી દ્વારા તા.૫/૧૦/૧૬ થી માંગણી કરવામાં આવેલ છે. જેમાં બ્લોક - ૫ ની બાંધકામની તમામ કામગીરી પૂર્ણ થયેલ છે. અને બ્લોક - ૬ ની કામગીરી પણ ઓક્ટોબર માસનાં અંત સુધીમાં પૂર્ણ થનાર છે. જેથી બ્લોક - ૭ નાં બાંધકામમાં ઇલેક્ટ્રીક પોલ ખસેડવાની કામગીરીમાં વિલંબ થતાં કામગીરી મોડી શરૂ કરી શકાયેલ હોઇ તેની બાંધકામની કામગીરી અધૂરી છે. જેથી સમમર્યાદામાં વધારો કરવા યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકા દ્વારા આઇ.એચ.એસ.ડી.પી યોજના અંતર્ગત આવાસોનાં બાંધકામ કરતી એજન્સી શ્રી ગુરૂદેવ ખાદી સેવા સંઘને બાંધકામ કામગીરીની સમયમર્યાદામાં તા.૩૦/૦૧/૨૦૧૭ સુધી વધારો કરી આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે.ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૫) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતી સીડી સાથેની રીક્ષા ટેમ્પી જર્જરિત અને બગડી ગયેલ હોવાથી તેને વેચાણ આપી નવિન આધુનિક ટેમ્પી ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૩ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગમાં ઉપયોગમાં લેવામાં આવતી સીડી સાથેની રીક્ષા ટેમ્પી જર્જરિત અને બગડી ગયેલ હોવાથી તેને વેચાણ આપી નવિન આધુનિક ટેમ્પી ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રિટ લાઇટ વિભાગમાં હાલમાં સ્ટ્રીટ લાઇટ રીપેરીગ કરવા જરૂરી સીડી રીક્ષામાં ફીટ કરાવી ઉપયોગમાં લેવામાં આવે છે. જે માનવ સંચાલિત હોઇ વપરાશને કારણે હાલમાં બગડી ગયેલ છે. અને તેનાંથી અકસ્માત થવા સંભવ રહેલો છે. સદર ટેમ્પી સને ૨૦૦૫ માં ખરીદ કરેલ હતી. જો તેનું રીપેરીગ કરાવવામાં આવે તો પણ વર્ષો જુની હોઇ જોઇએ તેટલી કાર્યદક્ષ ન પણ બને અને આ લેડરથી રોજ સરેરાશ ૨૫ થી ૩૦ સ્ટ્રીટ લાઇટોનું સમાર કામ કરાવવામાં આવે છે. તેવા સંજોગોમાં જો વર્તમાન ટેકનોલોજી સાથેની હોઇડ્રોલીક સીસ્ટમવાળી નવિન લેડર ખરીદ કરવામાં આવે તો કામગીરીમાં વેગ લાવી શકાય તેમ છે. જેથી નવિન ખરીદ કરવી ઉચિત જણાય છે તેથી પેટલાદ નગરપાલિકાનાં સ્ટ્રીટ લાઇટ વિભાગ માટે ઉપયોગમાં લેવામાં આવતી સીડી સાથેની રીક્ષા ટેમ્પીને નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી જાહેર હરાજીથી વેચાણ આપવા ઠરાવવામાં આવે છે. અને હાઇડ્રોલીક સીસ્ટમવાળી લેડર સાથેની ટેમ્પી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નવિન ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૧૦,૨૧,૦૦૦=૦૦ નો અંદાજીત ખર્ચ જોઇ તપાસી મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૬) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરમાં આવેલ બોડીકુવા વિસ્તારમાં આવેલ પંપ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવી તેનાં બીલનાં નાણાં અદા કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૪ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરમાં આવેલ બોડીકુવા વિસ્તારમાં આવેલ પંપ બગડી જવાથી તેનું રીપેરીગ કરાવી તેનાં બીલનાં નાણાં અદા કરવા બાબતે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદનાં રેવન્યુ સર્વે નંબરમાં આવેલ બોડીકુવા વિસ્તારનાં રહીશોને પીવાનાં પાણીની સુવિધા ન હોવાથી સરકારશ્રીમાં વારંવાર રજૂઆત કરતાં જે તે સમયનાં સંસદીય મત વિસ્તારનાં રાજય સભાનાં સભ્ય માન. શ્રી સુરેન્દ્રભાઇ. એમ. પટેલ એ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવતાં સદર ગ્રાન્ટની રકમ આણંદ જિલ્લા વિકાસ એજન્સીને હવાલે મુકવામાં આવેલ હતી. તેથી આ કચેરી દ્વારા તેનાં અમલીકરણ અધિકારી તરીકે ઘટતી કાર્યવાહીથી પેટલાદ નગરપાલિકાને સદર જણાવેલ વિસ્તારમાં પીવાનાં પાણીની સુવિધા માટે કામગીરી કરવા જણાવેલ હતું. તે આધારે પેટલાદ નગરપાલિકાએ આ બાબતની કામગીરી જે તે સમયે પૂર્ણ કરેલ હતી. પરંતુ તાજેતરમાં સદર જગ્યાએ બનાવેલ પંપ બગડી જવાથી પીવાનાં પાણીથી આ વિસ્તારનાં રહીશો વંચિત રહેવા પામેલ હતાં. પાણી એ જીવન જરૂરિયાત માટે આવશ્યક હોઇ જે તે સમયનાં ચીફ ઓફિસરશ્રીએ આવશ્યક સેવાને ધ્યાનમાં લઇ લુબી કંપનીનાં ઓથોરાઇઝડ ડીલર પાસેથી આ બગડેલ પંપનાં રીપેરીગનાં ભાવો મેળવી આ કામગીરી કરાવવી ખૂબ જ આવશ્યક હોઇ કંપનીનાં ઓથોરાઇઝ ડીલરનાં ભાવથી સ્થાનિક એજન્સી શ્રી ચરોતર સબમર્શીબલ મોટર રીવાઇન્ડીગ, પેટલાદ પાસેથી કામગીરી કરાવવામાં આવેલ હતી. જેથી તેનાં રીપેરીગ ખર્ચનાં રૂા.૧૯,૧૦૦/- નું ચૂકવણુ કરવાનું થાય છે. સદર કામગીરી કરાવેલ હોઇ અને આવેલ રીપોર્ટમાં જણાવેલ હકીકતે આ રીપેરીગનાં રૂા.૧૯,૧૦૦/- નું બાકી ચૂકવણું જે તે એજન્સીને અદા કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૭) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સરકારી મિલકતોનાં વિલંબીત ચૂકવણી ચાર્જમાં માફી આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૫ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સરકારી મિલકતોનાં વિલંબીત ચૂકવણી ચાર્જમાં માફી આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સરકારી મિલકતોનાં વેરા અંગેનાં માંગણાંબીલ વળતર સાથેનાં મોકલવામાં આવતાં જે તે કચેરીના ઉપલી અધિકારી સમક્ષ મોકલવામાં આવે અથવા સરકારશ્રી પાસેથી તેની માંગણી કરવામાં આવે તેથી આવી વહીવટી કામગીરીમાં વિલંબ થતો હોય છે. જેનાં કારણે વળતરની મુદત વિતી ગયા બાદ આવી રકમનો ચેક આવે તો નિયમાનુસાર વળતર આપી શકાતુ નથી અને રકમ ફેર થવાથી જે તે કચેરીને પરત મોકલવામાં આવે છે. અને તેનાં કારણે જે તે સંસ્થાને વિલંબિત ચૂકવણી ચાર્જ પણ ચૂકવવાનો થાય. આ સંજોગોમાં ઘણી વખત તેવા વેરા બાકી પડે છે. અને આવી મોટી રકમો બાકી રહેવાથી વેરા વસુલાત ઓછી થાય છે. સરકારશ્રી દ્વારા ગ્રાન્ટની રકમ ફાળવવા વેરા વસુલાતની ટકાવારી પણ જોવામાં આવે છે. જેથી બાકી વેરાને કારણે ગ્રાન્ટની રકમ પણ ઓછી મળે છે. તે માટે નગરપાલિકાનો વેરો પણ આવે અને જે તે સંસ્થાને વહીવટી મુશ્કેલી પણ ન પડે તેવા હેતુથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સરકારી મિલકતોને વળતર ન આપવામાં આવે અને તેની સામે વિલંબીત ચૂકવણી ચાર્જ પણ વસુલ લેવામાં ન આવે તો પ્રશ્નનું હકારત્મક નિવારણ લાવી શકાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સરકારી મિલકતોનાં વેરામાં વળતર નહિં આપી તથા વિલંબીત ચૂકવણી ચાર્જ પણ નહિં વસૂલવા સરકારશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે. અને મંજુર થઇ આવ્યેથી તેનો અમલ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૮)** : કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોની આકારણી કરવા બાબતે આકારણી અધિકારીની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૬ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોની આકારણી કરવા બાબતે આકારણી અધિકારીની નિમણૂંક કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં કેટલાંક ઇસમો દ્વારા બાંધકામ પરવાનગી મેળવ્યા સિવાય મિલકત ઊભી કરી તેનો ઉપયોગ કરે છે. અને કેટલાંક ઇસમો દ્વારા ગેરકાયદેસર રીતે ગટર જોડાણ તથા પાણીનાં કનેક્શન મેળવી તેનો ઉપયોગ કરતાં હોવાનું માલૂમ પડે છે. તેથી નગરપાલિકાને આવી બાબતોને કારણે તેવી સેવાઓનાં વેરાની આવક ઘુમાવવી પડે છે. તેવા સંજોગોમાં જો આકારણી અધિકારીની નિમણૂક કરવામાં આવે અને તેઓ દ્વારા ચકારસણી આકારણી કરવામાં આવે તો દંડનીય રકમ વસુલ લઇ અને બાંધકામ પરવાનગીની રકમ પણ વસુલ લઇ આકારણી કરવામાં આવે તો સંસ્થાને તેનાં વેરાની આવકથી આર્થિક ફાયદો થાય તેમ છે. પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં અંદાજે ૧૮૦૦૦ જેટલી મિલકતો આવેલ છે. જેની ચકાસણી આકરણી કરવામાં વધુ સમય ન બગડે અને આગામી નાણાંકીય વર્ષમાં ઘટતી કાર્યવાહીથી વેરો સમયમર્યાદામાં આકારી શકાય તેવા આશયથી વર્ગ - ૨ નાં સક્ષમ અને અનુભવી તથા જાણકાર નિવૃત્ત અધિકારી એવા ત્રણ આકારણી અધિકારી નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી નિમણૂંક કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે થનાર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે.ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ, શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી નાં ટેકાથી સુધારો રજૂ કરે છે કે;

આથી અમો નગરપાલિકાનાં અભ્યશ્રીઓ કામ નં. ૨૮ અન્વયે સુધારો દર્શાવીએ છીએ કે પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ મિલકતોની આકારણી બાબતે આકરણી અધિકારીની નિમણૂંક કરવા બાબતમાં સારાસારનો વિચાર કરતાં નિયામકશ્રીની પૂર્વ મંજુરી લીધા બાદ જ આ કામ બોર્ડમાં લાવવામાં આવે તે સૂચવવામાં આવે છે.

ઉપર જણાવેલ દરખાસ્ત તથા સુધારા દરખાસ્ત પરત્વે જરૂરી ચર્ચા વિચારણા કરવામાં આવી. પર્યાપ્ત ચર્ચા વિચારણાનાં અંતે રા.અધ્યક્ષશ્રીએ મતદાન લઇ નિર્ણય કરવા આદેશ કર્યો. રા.અધ્યક્ષશ્રીનાં આદેશાનુસાર મતદાન લેતાં નિયમ મુજબ સૌપ્રથમ મતદાન છેલ્લે આવેલ સુધારા દરખાસ્ત ઉપર મતદાન લેવું પડે. તેથી રજૂ થયેલ સુધારા દરખાસ્ત ઉપર નિયમાનુસાર પ્રથમ મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| સુધારાની તરફેણમાં | | સુધારાની વિરુધ્ધમાં | | તટસ્થ |
|---|---|---|---|---|
| ૧. | શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | ૧. | શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | નથી |
| ૨. | શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | ૨. | શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | |
| ૩. | શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | ૩. | શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | |
| ૪. | શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | ૪. | શ્રી રસિકભાઇ. જે. મકવાણા | |
| ૫. | શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | ૫. | શ્રી સૌરભભાઇ. એન. પટેલ | |
| ૬. | શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | ૬. | શ્રીમતિ રેહાનાબાનું. એ. ખલીફા | |
| ૭. | શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | ૭. | શ્રી ફઇમાબાનું. ડી. મલેક | |
| ૮. | શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | ૮. | શ્રી આરીફખાન. જે. સૈયદ(પઠાણ) | |
| ૯. | શ્રીમતિ રીટાબેન. યુ. શાહ | ૯. | શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | |
| ૧૦. | શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | ૧૦. | શ્રીમતિ નફીસાબાનું. જે. શેખ | |
| ૧૧. | શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | ૧૧. | શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી | |
| ૧૨. | શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | ૧૨. | શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | |
| ૧૩. | શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | ૧૩. | શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા | |
| ૧૪. | શ્રી જયેશકુમાર. કે. પટેલ | ૧૪. | શ્રી અસ્લમબેગ. એ. મિરઝા | |
| ૧૫. | શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | | કુલ : ૧૪ (ચૌદ) મત | |

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

૧૬. શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક
૧૭. શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા
૧૮. શ્રી ફરીદખાન. ડી. પઠાણ
૧૯. શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ
૨૦. શ્રી અબરારબેગ. ડી. મિરઝા
૨૧. શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ
૨૨. શ્રી વિજયભાઇ. સી. તળપદા

કુલ : ૨૨ (બાવીસ) મત

ત્યારબાદ રજૂ થયેલ મૂળ દરખાસ્ત ઉપર મતદાન લેતાં નીચે જણાવ્યા મુજબ મતદાન થાય છે.

| દરખાસ્તની તરફેણમાં | દરખાસ્તની વિરુધ્ધમાં | તટસ્થ |
|---|---|---|
| ૧. શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા | ૧. શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહ | નથી |
| ૨. શ્રી ઇમદાદઅલી. જે. સૈયદ | ૨. શ્રીમતિ નયનાબેન. આર. પટેલ | |
| ૩. શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા | ૩. શ્રીમતિ ગૌરીબેન. કે. તળપદા | |
| ૪. શ્રી રસિકભાઇ. જે. મકવાણા | ૪. શ્રી ગોવિંદભાઇ. આર. તળપદા | |
| ૫. શ્રી સૌરભભાઇ. એન. પટેલ | ૫. શ્રીમતિ ગીતાબેન. એ. પટેલ | |
| ૬. શ્રીમતિ રેહાનાબાનું. એ. ખલીફા | ૬. શ્રીમતિ હેતલબેન. એ. પટેલ | |
| ૭. શ્રી ફઇમાબાનું. ડી. મલેક | ૭. શ્રી પુનિતકુમાર. એમ. ડાભી | |
| ૮. શ્રી આરીફખાન. જે. સૈયદ(પઠાણ) | ૮. શ્રી ભાવિનકુમાર. એમ. પટેલ | |
| ૯. શ્રી નિરંજનભાઇ. પી. પટેલ | ૯. શ્રીમતિ રીટાબેન. યુ. શાહ | |
| ૧૦. શ્રીમતિ નફીસાબાનું. જે. શેખ | ૧૦. શ્રી ગોપાલભાઇ. એમ. ગાંધી | |
| ૧૧. શ્રીમતિ નબીયનનીશાં કે. ખાટકી | ૧૧. શ્રીમતિ કલ્પનાબેન. આર. પટેલ | |
| ૧૨. શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી | ૧૨. શ્રીમતિ જૈમિનીબેન. આર. પટેલ | |
| ૧૩. શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણા | ૧૩. શ્રી વિઠ્ઠલભાઇ. આર. પટેલ | |
| ૧૪. શ્રી અસ્લમબેગ. એ. મિરઝા | ૧૪. શ્રી જયેશકુમાર. કે. પટેલ | |
| કુલ : ૧૪ (ચૌદ) મત | ૧૫. શ્રી રીફાકતખાન. એમ. પઠાણ | |
| | ૧૬. શ્રીમતિ રફીકનબીબી. એસ. મલેક | |
| | ૧૭. શ્રી ગુલામદસ્તગીર. એન. વ્હોરા | |
| | ૧૮. શ્રી ફરીદખાન. ડી. પઠાણ | |
| | ૧૯. શ્રીમતિ સાયનાબીબી. એમ. સૈયદ | |
| | ૨૦. શ્રી અબરારબેગ. ડી. મિરઝા | |
| | ૨૧. શ્રીમતિ જુબેદાબાનુ. આર. પઠાણ | |
| | ૨૨. શ્રી વિજયભાઇ. સી. તળપદા | |
| | કુલ : ૨૨ (બાવીસ) મત | |

ઉપર મુજબ સુધારા દરખાસ્ત તથા મૂળ દરખાસ્ત ઉપર થયેલ મતદાન જોતાં સુધારા દરખાસ્તની તરફેણમાં વધારે મતો નોંધાયેલાં છે.

આથી, આવેલ સુધારા દરખાસ્ત વધુ મતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૨૯) :** કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જગ્યામાં તદ્દન કાચાં શેડ બાંધી જગ્યાનો ઉપયોગ કરતાં ઇસમો પાસેથી વસુલવામાં આવતાં ભાડાનાં દરમાં સુધારો કરી તેનો અમલ કરવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૩૭ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

કારોબારી સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં નગરપાલિકાની જગ્યામાં તદ્દન કાચાં શેડ બાંધી જગ્યાનો ઉપયોગ કરતાં ઇસમો પાસેથી વસુલવામાં આવતાં ભાડાનાં દરમાં સુધારો કરી તેનો અમલ કરવા રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં પાથરણા પાથરી ધંધો કરતાં ઇસમો, લારી ઊભી રાખતા, જાહેર તહેવારોમાં મંડપ બાંધી ધંધો કરતાં, કે દુકાનની બહાર માલસામન મુકી ધંધો કરતાં ઇસમો વિગેરે જેવાં ધંધો કરતાં ઇસમો પાસેથી નગરપાલિકા દ્વારા અલગ અલગ ફી અથવા ભાડુ વસુલવામાં આવે છે. તેનાં દરવારીમાં વધારો કરવા અંગે સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭ / તા.૯/૫/૧૬ થી ઠરાવ કરવામાં આવેલ છે. આ ઠરાવમાં જણાવેલ વિગતનાં અનુક્રમ નંબર ૧૦ બાબતે જે તે તહેવારમાં મંડપ માટે પ્રતિ ચો.ફુ. રૂા.૧૦/- વસુલવામાં આવતો હતો તેમાં વધારો કરી રૂા.૨૫/- પ્રતિ ચો.ફુ રાખવા ઠરાવેલ છે. પરંતુ પેટલાદ નગરપાલિકા દ્વારા શહેરમાં બાંધવામાં આવેલ શોપિંગ સેન્ટરની પાકી દુકાનોનાં સરેરાશ ભાડાની રકમ જોતાં પ્રતિ ચો.ફુ. રૂા.૩/- થી રૂા.૫/- જેટલું ભાડુ વસુલવામાં આવે છે. તેથી મંડપ માટે ઠરાવેલ ભાડાનાં દર જોઇએ તો વેપારીઓ દ્વારા બાંધવામાં આવતાં તદ્દન કાચાં મંડપ હોય અથવા શેડ હોય છે. અને ફક્ત તેઓનાં ધંધાનાં હિતાર્થે ટૂંકાગાળાનાં હોય છે. જેથી આવા ભાડાનાં દર વસુલાત કરતાં નાના- નાના ધંધા રોજગારવાળા ઇસમો આવી રકમ ભરપાઇ કરવા સક્ષમ નથી હોતાં અને ભાડા ન ભરવા અંગેની ફરિયાદ આવે છે અને તેમાં યોગ્ય ઘટતુ કરવામાં આવે તો તેઓ આવા ભાડા ભરવા સંમત હોવા અંગે મૌખિક ચર્ચા અન્વયે જણાવેલ છે. જેથી સદર બાબતે પેટલાદ શહેરનાં ધંધા રોજગાર જોતાં, વેપરીઓ અને નગરપાલિકાને આર્થિક નુકશાન ન થાય તે રીતે ભાડાનાં દર રાખવા યોગ્ય જણાય છે. તેથી પેટલાદ નગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૭/તા.૯/૫/૧૬ થી થયેલ જુદા જુદા ભાડાનાં દર પૈકી અનુક્રમ નંબર ૧૦ પરત્વે કે જે મંડપ માટેનાં દર છે તેમાં નીચે મુજબનાં ઉચ્ચક દર રાખવા કારોબારી સમિતિનાં ઠરાવ નં.૩૭ / તા. ૨૨/૦૭/૧૬ થી ઠરાવ કરવામાં આવેલ હતો. જે જાહેર તહેવારોને અનુલક્ષીને રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ તેનો અમલ કરવા અંગે કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે.

| ક્રમ | સાઇઝ | ૧ માસનાં | ૨ માસનાં | ૩ માસનાં |
|---|---|---|---|---|
| ૧ | ૦ થી ૫૦ ચો.ફુ. સુધી | રૂા.૫૦૦/- | રૂા.૮૫૦/- | રૂા.૧,૨૫૦/- |
| ૨ | ૫૧ થી ૧૦૦ ચો.ફુ. સુધી | રૂા.૧,૦૦૦/- | રૂા.૧,૭૦૦/- | રૂા.૨,૫૦૦/- |
| ૩ | ૧૦૧ થી ૨૦૦ ચો.ફુ. સુધી | રૂા.૧,૫૦૦/- | રૂા.૨,૭૦૦/- | રૂા.૪,૦૦૦/- |
| ૪ | ૨૦૧ થી ૩૦૦ ચો.ફુ. સુધી | રૂા.૨,૦૦૦/- | રૂા.૩,૫૦૦/- | રૂા.૫,૦૦૦/- |
| ૫ | ૩૦૧ થી ૬૦૦ ચો. ફુ. સુધી | રૂા.૨,૫૦૦/- | રૂા.૪,૦૦૦/- | રૂા.૬,૦૦૦/- |

નોંધ :- ઉપરોક્ત જણાવેલ દર જણાવેલ સમયગાળા માટે અગાઉથી ભાડાની રકમ જમા કરાવવાની રહેશે. અને મંડપ અથવા કાચો શેડ બાંધકામ કરતાં પહેલાં પેટલાદ નગરપાલિકાની લેખિત પૂર્વ મંજુરી મેળવવાની રહેશે. અને વાહન વ્યવહારને અડચણરૂપ ન થાય તે રીતે મંડપ અથવા કાચો શેડ બાંધવાનો રહેશે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૦) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આશાપુરી સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૮ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ નફીસાબાનુ. જે. શેખ, શ્રીમતિ જયાબેન. એ. વાઘેલાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આશાપુરી સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આશાપુરી રોડ પર આશાપુરી રેસીડન્સી આવેલ છે. આ સોસાયટીનાં રહીશો દ્વારા સી.સી રોડ જનભાગીદારીથી બનાવવા અરજી કરેલ છે. આ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાએ જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીએ જનભાગીદારી હેઠળની ગ્રાન્ટની રકમ પણ ફાળવવામાં આવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ આશાપુરી રેસીડન્સીનાં આંતરિક રસ્તાઓ જન ભાગીદારી યોજના હેઠળ ફાળવેળ ગ્રાન્ટની રકમમાંથી સી.સી. રોડ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ભરવાપાત્ર થતી રકમ લાભાર્થીએ પેટલાદ નગરપાલિકામાં ચૂકતે જમા કરાવી સી.સી. કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૧) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ માતૃકૃપા સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઈ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૩૯ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજી, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ માતૃકૃપા સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી રોડ પર માતૃકૃપા સોસાયટી આવેલ છે. આ સોસાયટીનાં રહીશો દ્વારા સી.સી. રોડ જનભાગીદારીથી બનાવવા અરજી કરેલ છે. જેથી આ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાએ જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીએ જનભાગીદારી હેઠળની ગ્રાન્ટની રકમ પણ ફાળવવામાં આવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં શેખડી રોડ પર આવેલ માતૃકૃપા સોસાયટીનાં આંતરિક રસ્તાઓ જન ભાગીદારી યોજના હેઠળની ફાળવેળ ગ્રાન્ટની રકમમાંથી સી.સી. રોડ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ભરવાપાત્ર થતી રકમ લાભાર્થીએ પેટલાદ નગરપાલિકામાં ચૂકતે જમા કરાવી સી.સી. કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૨) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૦ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીનાં આંતરિક રસ્તાઓ જનભાગીદારીથી સી.સી. રોડ બનાવવા અંગે તેઓની આવેલ અરજી તથા રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સહયોગ રેસીડન્સી આવેલ છે. આ સોસાયટીનાં રહીશો દ્વારા સી.સી રોડ જનભાગીદારીથી બનાવવા અરજી કરેલ છે. જેથી આ સોસાયટીનાં આંતરિક રસ્તાઓ પેટલાદ નગરપાલિકાએ જાહેર રાજમાર્ગ તરીકે સ્વીકારવા ઠરાવવામાં આવે છે.

સરકારશ્રીએ જનભાગીદારી હેઠળની ગ્રાન્ટની રકમ પણ ફાળવવામાં આવેલ છે. તેથી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં આવેલ સહયોગ રેસીડન્સીનાં આંતરિક રસ્તાઓ જન ભાગીદારી યોજના હેઠળની ફાળવેળ ગ્રાન્ટની રકમમાંથી સી.સી. રોડ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી બનાવવા ઠરાવવામાં આવે છે. આ યોજના અંતર્ગત ભરવાપાત્ર થતી રકમ લાભાર્થીએ પેટલાદ નગરપાલિકામાં ચૂકતે જમા કરાવી સી.સી. કરાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૩) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાં કામે ૩ એચ.પી.નો મડ પંપ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૧ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ), શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે ૩ એચ.પી.નો મડ પંપ નવિન ખરીદ કરવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં સફાઇ કામે, રાઇઝીગ મેઇન પાઇપ લાઇન રીપેરીગ વિગેરે જેવા કામો માટે ખાડામાં રહેલ ગંદુ પાણી બહાર કાઢવા માટે ભાડેથી પંપ લાવવામાં આવે છે. જેની પાછળ સંસ્થાને વારંવાર ખર્ચ કરવો પડે છે. તેવા સંજોગોમાં જો નવિન પંપ ખરીદ કરવામાં આવે તો સંસ્થાનું આર્થિક હિત જળવાય તેમ છે. તેથી પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં કામે ૩ એચપીનો મડ પંપ નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી ખરીદ કરવા ઠરાવવામાં આવે છે. સદર કામે આવેલ રૂા.૮૬,૯૯૯/- નાં અંદાજીત ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે. સદર ખર્ચ પેટલાદ નગરપાલિકાનાં સ્વભંડોળમાંથી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૪)** : પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવની બઢતી મેળવવા અંગે આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૨ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવની બઢતી મેળવવા અંગે આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકામાં સેનેટરી વિભાગમાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં શ્રી મનુભાઇ ખુશાલભાઇ જાદવ એ તેઓને બઢતી આપવા અરજી કરેલ છે. તેઓ તા.૦૧/૦૪/૨૦૦૫ થી પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદાર તરીકેની કાયમી કર્મચારીની ફરજ બજાવે છે. તેઓએ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટીટ્યૂટ ઓફ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ, અમદાવાદ ખાતેથી એલ.એસ.જી.ડી. નો કોર્ષ કરી તાજેતરમાં લેવાયેલ આ કોર્ષની પરીક્ષા-૨૦૧૬ પાસ કરેલ છે. અને તેઓ સંસ્થામાં ૭ વર્ષથી વધુનો અનુભવ પણ ધરાવે છે. જેથી ધારાધોરણો મુજબ તેઓને બઢતી આપવાપાત્ર થાય છે. તેઓએ સેનેટરી વિભાગમાં સુપરવાઇઝરની ફરજ સોંપવામાં આવતાં તેની ફરજ પણ બજાવેલ છે. સંસ્થામાં હાલમાં મુકાદમની જગ્યાઓ ખાલી હોઇ પેટલાદ નગરપાલિકામાં સફાઇ કામદારની કાયમી કર્મચારી તરીકેની ફરજ બજાવતાં કર્મચારી શ્રી મનુભાઇ ખુશાલભાઇ જદવને મુકાદમની જગ્યા ઉપર બઢતી આપવા ઠરાવવામાં આવે છે. અને તે જગ્યા ઉપરનાં પગાર ધોરણો લાભો તથા મળવાપાત્ર ભથ્થા ચૂકવવા ઠરાવવામાં આવે છે. સદર બાબતનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૬ થી કરવા મે. નગરપાલિકા નિયામકશ્રીમાં જરૂરી દરખાસ્ત કરવા ઠરાવવામાં આવે છે.આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૫) :** પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે સ્ટેશન ઓક્ટ્રોયનાકા પાસેથી બસ સ્ટેશન તરફ આવેલ કાચા કેબીન ખસેડી નવિન બાંધકામ કરી શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા કેબીન ધારકોની આવેલ અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૩ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ), શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે સ્ટેશન ઓક્ટ્રોયનાકા પાસેથી બસ સ્ટેશન તરફ જુના રેલ્વે ફાટક (કાયમી બંધ હાલત) સુધી આવેલ કાચા કેબીન ખસેડી નવિન બાંધકામ કરી શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા કેબીન ધારકોની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર સ્ટેશન ઓક્ટ્રોયનાકા પાસેથી બસ સ્ટેન્ડ તરફ જુના રેલ્વે ફાટક (કાયમી બંધ હાલત) સુધી ભૂતકાળમાં લોકોને રોજગારી મળી રહે તેવા આશયથી આ જગ્યાએ તદ્દન હંગામી ધોરણે કાચા કેબીનો મૂકી ધંધો કરવા જે તે સમયે નગરપાલિકા દ્વારા જગ્યા ભાડે આપવામાં આવેલ હતી. અને હાલમાં આ કેબીનો તે જગ્યાએ કાર્યરત છે. પરંતુ વિકસતા યુગમાં વર્તમાન સમયને અનુરૂપ ધંધા રોજગાર હોય તે જરૂરી છે. જેથી તદ્દન કાચાં કેબીન હોવાથી તેઓને સુરક્ષા કવચ(વિમો) મળી શકતું નથી કે ધંધાનાં વિકાસ અર્થે બેન્કમાંથી લોન પણ મળી શકે નહિં. તેથી કાચાં કેબીન હોવાથી તેઓ પોતાનાં ધંધાને વિકસાવી શકતાં નથી. બીજું કે, કાચાં કેબીન હોવાથી આકસ્મિક બનતાં બનાવોમાં, ધરતીકંપમાં, આગ લાગવાનાં કિસ્સામાં વિગેરે જેવી બાબતોમાં તેઓને થતાં જાનમાલનાં નુકશાન સામે સરકારી સહાય કે વળતર મેળવી શકતાં નથી. તદ્ઉપરાંત ઘણાં વર્ષો પહેલાં જગ્યાની ફાળવણી કરેલ હોઇ હાલમાં વિકાસશીલ યુગમાં વાહન વ્યવહાર વધવાને કારણે તથા બસ સ્ટેશન નજીક હોવાથી એસ.ટી. બસોની અવરજવરમાં આ કેબીનો વાહનવ્યવહારમાં નડતરરૂપ બને છે. ટીમ પેટલાદનો મુખ્ય અભિગમ શહેરને ડેવલોપ બનાવવનો રહ્યો છે. જેથી આ જગ્યાએ કાચા કેબીનો તોડી પાછળનાં ભાગે નવિન શોપિંગ સેન્ટર બનાવવામાં આવે તો વેપારીઓ પોતાનાં ધંધાને વિકસાવી શકે, વેપારમાં વધારો કરી શકે, રોજગારી પણ વધે, શહેરમાં વિકાસ થાય, શહેરની સુંદરતા પણ વધે તેમજ ટ્રાફીક સમસ્યા હળવી થાય અને પાકી દુકાન બનાવી ભાડે આપવામાં આવે તો તેનાં ભાડાની રકમમાં વધારો મળે અને સંસ્થાની આવક વધે તેમ છે. જેથી સંસ્થાને આર્થિક ફાયદો પણ થાય તેમ છે. સદર બાબતે આ વિસ્તારનાં કેબીન ધારકોએ શોપિંગ સેન્ટર બનાવી આપવા અરજી પણ કરેલ છે. જે તમામ પાસા ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર સ્ટેશન ઓક્ટ્રોયનાકા પાસેથી બસસ્ટેશન તરફ જુની રેલ્વે ફાટક (કાયમી બંધ હાલત) સુધી આવેલ કાચાં કેબીનો તોડી પાછળનાં ભાગે નવિન શોપિંગ સેન્ટર બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તેનાં નકશા, ડિઝાઇન તથા અંદાજો આર્કિટેક્ટ પાસેથી તૈયાર કરાવવા ઠરાવવામાં આવે છે. સદર શોપિંગ સેન્ટરની દુકાનો ભાડે આપવાનાં નિયમો બનાવવા તથા પ્રિમીયમની રકમો નક્કી કરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૬)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સરકારશ્રી દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ધારાધોરણ અનુસાર ૧૨૫ ચો.મી. ની અંદર બાંધકામ કરતાં ઇસમોને યોગ્ય ચકાસણી કરી બાંધકામ કરવા જરૂરી આર્કિટેક્ટ તથા એન્જીનીયરની નિયુક્તિ કરી લાયસન્સ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૪ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

સરકારશ્રી દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલ ધારાધોરણ અનુસાર પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં ૧૨૫ ચો.મી. ની અંદર બાંધકામ કરતાં ઇસમોને યોગ્ય ચકાસણી કરી બાંધકામ કરવા જરૂરી આર્કિટેક્ટ તથા એન્જીનીયરની નિયુક્તિ કરી લાયસન્સ આપવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમા લીધો. સારાસારનો વિચાર કરતાં સરકારશ્રીનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, ગાંધીનગરનાં હુકમ ક્રમાંક : ઇડીબી – ૧૦૨૦૧૬ – ૩૬૨૯ – લ તા.૧૪/૦૯/૨૦૧૬ થી પાઠવેલ હુકમમાં જણાવ્યા આધારે રાજયમાં મહાનગરપાલિકાઓ, તેને સંલગ્ન શહેરી વિકાસ સત્તા મંડળો તથા નગરપાલિકાઓમાં બાંધકામની મંજુરી માટે દરેક સત્તા મંડળોને પોતાનાં અલગ અલગ વિકાસ નિયંત્રણો અમલમાં છે તથા પરવાનગી બાબતની પ્રક્રિયા પણ અલગ અલગ છે. જેમાં "ઇઝ ઓફ ડુઇંગ બીઝનેસ" અંતર્ગત સમાન વિકાસ પરવાનગી પ્રક્રિયા નિયમો લાગુ કરવામાં આવેલ છે. તેમાં માલિકીનાં ૧૨૫ ચો.મી. સુધીનાં રહેણાંકનાં વ્યક્તિગત મકાનનાં બાંધકામ માટે જે તે નગરપાલિકા પાસેથી મંજુરી મેળવવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે. પરંતુ પત્ર સાથે સામેલ એનેક્ષર – ૧ અને એનેક્ષર – ૨ મુજબ બાંહેધરી પત્ર તથા આર્કિટેક્ટ અને એન્જીનીયરનાં સહી સિક્કા સાથેનાં મંજુર થયેલ નકશા રજૂ કરવાનાં રહે છે. તેથી અરજદારે સક્ષમ અધિકારી પાસેથી મંજુર કરાવેલ લે-આઉટ પ્લાન, બિલ્ડીગ પ્લાન વિગેરે સાથે બિલ્ડીગ યુનિટમાં જી.ડી.સી.આર. ને આધિન રહેણાંકનાં બિલ્ડીગ પ્લાન, લાયસન્સ ધરાવતાં આર્કિટેક્ટ તથા એન્જીનીયરનાં સંયુક્ત એફીડેવીટ સાથે સહિ સિક્કા સહિત બે નકલમાં જે તે સત્તા મંડળને રજૂ કર્યા બાદ સ્વીકારેલ પ્લાનની નકલ મેળવ્યા બાદ બાંધકામ કરી શકાય તેમ છે. જે બાબતો ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં બાંધકામ પરવાનગી માટે જરૂરી આર્કિટેક્ટ તથા એન્જીનીયરની નિયુક્તિ કરી લાયસન્સ આપવાનાં થાય છે. જે નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર માટે જરૂરી આર્કિટેક્ટ તથા એન્જીનીયરની નિયુક્તિ કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૭) :** પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગ માટે એચ.ડી.પી.ઇ. પાઇપ લાઇનનાં જોડાણ કરવાનાં કામે ૨૦૦એમએમ નું મીરર નંગ -૦૧ ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૪૫ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગ માટે એચ.ડી.પી.ઇ. પાઇપ લાઇનનાં જોડાણ કરવાનાં કામે ૨૦૦ એમએમ નું મીરર નંગ -૦૧ ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં વારિગૃહ વિભાગની પાણી પૂરવઠા યોજના અંતર્ગત શહેરમાં એચ.ડી.પી.ઇ. પાઇપ લાઇન નાંખવામાં આવેલ છે. જે કામગીરી પૂર્ણ થયેલ છે. પરંતુ આ પાઇપ લાઇન લીકેજ થવાનાં પ્રસંગે અથવા જોડાણ કરવાનાં કામે મિરરને ગરમ કરી વેલ્ડીગ જોડાણ કરવામાં આવે છે. તેથી આ કામગીરીનાં ઉપયોગમાં લેવામાં આવતાં ૨૦૦મીમી વ્યાસનાં એચ.ડી.પી.ઇ. પાઇપ માટે જોડાણ કરવાનું મીરર નંગ-૦૧ ખરીદ કરવાની તાત્કાલિક જરૂરિયાત ઊભી થતાં તેને ખરીદ કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૭,૩૧૯/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

**કામ નં. (૩૮) :** પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ રાઇઝીગ મેઇન પાઇપ લાઇન રીપેરીગ કરાવવાનાં કામે કુવામાં રહેલ ગંદુ પાણી ખાલી કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૪૬ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ રાઇઝીગ મેઇન પાઇપ લાઇન રીપેરીગ કરાવવાનાં કામે કુવામાં રહેલ ગંદુ પાણી ખાલી કરાવવા અંગે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે શહેરનું ગંદુ પાણી ઓક્સિડેશન પોન્ડમાં ઠાલવવા માટેની રાઇઝીગ મેઇન પાઇપ લાઇન લીકેજ થવાથી ગંદુ પાણી કુવામાં ભરાઇ જવા પામેલ હતું. જેથી આ પાઇપ લાઇનને રીપેરીગ કરવાનાં કામે કુવામાં રહેલ ગંદુ પાણી બહાર કાઢવુ જરૂરી હોઇ અને પાઇપ લાઇન પણ તાત્કાલિક રીપેરીગ કરાવવાની જરૂરિયાત હોઇ પેટલાદ નગરપાલિકાનાં ભૂગર્ભ ગટર યોજનાનાં દેવકુવા પંપીગ સ્ટેશન ખાતે આવેલ રાઇઝીગ મેઇન પાઇપ લાઇન રીપેરીગ કરાવવાનાં કામે કુવામાં રહેલ ગંદુ પાણી બહાર કાઢવા માટે જરૂરી ભાડેથી પંપ લાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામે થયેલ રૂા.૧,૫૩,૪૫૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩૯) :** પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં કન્ટેનર બિન ઉપયોગી હાલતમાં હોઇ તેને ટ્રેક્ટર ટ્રેઇલરમાં રૂપાંતરીત કરી ઉપયોગમાં લેવા માટે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૪૭ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી સૌરભભાઇ. એન. પટેલનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં કન્ટેનર બિન ઉપયોગી હાલતમાં હોઇ તેને ટ્રેક્ટર ટ્રેઇલરમાં રૂપાંતરીત કરી ઉપયોગમાં લેવા માટે રા.પ્રમુખશ્રીએ સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં કન્ટેનર બીનઉપયોગી હાલતમાં પડી રહેલ હતાં. જેમાંથી કેટલાંકને જો ટ્રેક્ટર ટ્રેઇલરમાં રૂપાંતર કરવામાં આવે તો ઉપયોગમાં લઇ શકાય તેમ હતાં. અને નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે ઉપયોગમાં લેવામાં આવતાં ટ્રેક્ટર સાથેનાં ટ્રેઇલર પૂરતાં પ્રમાણમાં મળી રહે અને કન્ટેનર ઉપયોગમાં આવે તેવા શુભાશયથી પેટલાદ નગરપાલિકામાં આવેલ કન્ટેનર ટ્રેક્ટર ટ્રેઇલરમાં રૂપાંતર કરવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં રૂા.૪૨,૫૦૦/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪૦) :** પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી. મશીન બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબત.

**ઠરાવ નં. ૧૪૮ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી સૌરભભાઇ. એન. પટેલ, શ્રીમતિ મિનાક્ષીબેન. એમ. મકવાણાનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી. મશીન બગડી જવાથી તેનું રીપેરીગ કરાવવા અંગે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા બાબતનું કામ વંચાણમાં લીધું. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકાનાં સેનેટરી વિભાગમાં સફાઇ કામે તથા લેવલીગ કરવાનાં કામે ઉપયોગમાં લેવામાં આવતાં જે.સી.બી. વાહન વપરાશને કારણે બગડી ગયેલ હતું જેથી તહેવારોને ધ્યાને લઇ તેને તાત્કાલિક રીપેરીગ કરાવવું જરૂરી હોઇ પેટલાદ નગરપાલિકાનાં જે.સી.બી વાહન નં.જી.જે.-૧૮-જી-૮૭૮૮ ને સર્વિસ તથા જરૂરી રીપેરીગ કરાવવા સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ રા.પ્રમુખશ્રીએ કરેલ કાર્યવાહી તથા હુકમને બહાલી આપવા ઠરાવવામાં આવે છે. સદર કામનાં રૂા.૭૦,૫૧૪/- નાં ખર્ચને મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

* જરૂરી વિષયનાં કામ :-

**કામ નં. (૨)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુની રેલ્વે ફાટક પાસેથી આશાપુરી રોડ તરફનાં મોટી ગાડીનાં રેલ્વે ફાટક સુધી આવેલ કાચા કેબીન તોડી નવિન શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૪૯ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ), શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં જુની રેલ્વે ફાટક પાસેથી આશાપુરી રોડ તરફનાં મોટી ગાડીનાં રેલ્વે ફાટક સુધી આવેલ કાચા કેબીન તોડી નવિન બાંધકામ કરી શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા કેબીન ધારકોની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર જુની રેલ્વે ફાટક પાસેથી આશાપુરી રોડ તરફનાં મોટી ગાડીનાં રેલ્વે ફાટક સુધી ભૂતકાળમાં લોકોને રોજગારી મળી રહે તેવા આશયથી આ જગ્યાએ તદ્દન હંગામી ધોરણે કાચા કેબીનો મૂકી ધંધો કરવા જે તે સમયે નગરપાલિકા દ્વારા જગ્યા ભાડે આપવામાં આવેલ હતી. અને હાલમાં આ કેબીનો તે જગ્યાએ કાર્યરત છે. પરંતુ વિકસતા યુગમાં વર્તમાન સમયને અનુરૂપ ધંધા રોજગાર હોય તે જરૂરી છે. જેથી તદ્દન કાચાં કેબીન હોવાથી તેઓને સુરક્ષા કવચ(વિમો) મળી શકતું નથી કે ધંધાનાં વિકાસ અર્થે બેન્કમાંથી લોન પણ મળી શકે નહિં. અને કાચાં કેબીન હોવાથી તેઓ પોતાનાં ધંધાને વિકસાવી શકતાં નથી. બીજું કે, કાચાં કેબીન હોવાથી આકસ્મિક બનતાં બનાવોમાં, ધરતીકંપમાં, આગ લાગવાનાં કિસ્સામાં વિગેરે જેવી બાબતોમાં તેઓને થતાં જાનમાલનાં નુકશાન સામે સરકારી સહાય કે વળતર મેળવી શકતાં નથી. તદ્ઉપરાંત ઘણાં વર્ષો પહેલાં જગ્યાની ફાળવણી કરેલ હોઇ હાલમાં વિકાસશીલ યુગમાં વાહન વ્યવહાર વધવાને કરાણે તથા બસ સ્ટેશન નજીક હોવાથી એસ.ટી. બસોની અવરજવરમાં આ કેબીનો વાહન વ્યવહારમાં નડતરરૂપ બને છે. ટીમ પેટલાદનો મુખ્ય અભિગમ શહેરને ડેવલોપ બનાવવાનો રહ્યો છે. જેથી આ જગ્યાએ કાચા કેબીનો તોડી નવિન શોપિંગ સેન્ટર બનાવવામાં આવે તો વેપારીઓ પોતાનાં ધંધાને વિકસાવી શકે, વેપારમાં વધારો કરી શકે, રોજગારી પણ વધે, શહેરમાં વિકાસ થાય, શહેરની સુંદરતા પણ વધે તેમજ ટ્રાફીક સમસ્યા હળવી થાય અને પાકી દુકાન બનાવી ભાડે આપવામાં આવે તો તેનાં ભાડાની રકમમાં વધારો મળે અને સંસ્થાની આવક વધે તેમ છે. જેથી સંસ્થાને આર્થિક ફાયદો પણ થાય તેમ છે. સદર બાબતે આ વિસ્તારનાં કેબીન ધારકોએ શોપિંગ સેન્ટર બનાવી આપવા અરજી પણ કરેલ છે. જે તમામ પાસા ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર જુની રેલ્વે ફાટક પાસેથી આશાપુરી રોડ તરફનાં મોટી ગાડીનાં ફાટક સુધી આવેલ કાચાં કેબીનો તોડી નવિન શોપિંગ સેન્ટર બનાવવા ઠરાવવામાં આવે છે. સદર કામે તેનાં નકશા, ડિઝાઇન તથા અંદાજો આર્કિટેક્ટ પાસેથી તૈયાર કરાવવા ઠરાવવામાં આવે છે. સદર શોપિંગ સેન્ટરની દુકાનો ભાડે આપવાનાં નિયમો બનાવવા તથા તેનાં પ્રિમીયમની રકમો નક્કી કરવાના રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આ સ્ટેજે મ્યુનિ. સભ્ય શ્રીમતિ દિપાલીબેન. એચ. શાહે મૌખિક રીતે જણાવ્યું કે, ઉપરોક્ત કામે તૈયાર કરવામાં આવનાર નિયમો, તેનાં નકશા વિગેરે તૈયાર થયેથી ફરીથી બોર્ડમાં રજૂ કરવા જણાવ્યુ. જેને રા.ધ્યક્ષશ્રીએ મૌખિક સંમતિ દર્શાવતાં તે અંગેની નોંધ કરવામાં આવી.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધઃ-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૩)** : પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં સ્ટેશન રોડ પર પેટ્રોલ પંપ પાસેથી શરૂ થતાં પોલિસ લાઇનને અડીને આવેલ કાચા કેબીન તોડી પાછળનાં ભાગે નવિન શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા અરજી વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૫૦ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ), શ્રી મુન્તજીમોદ્દીન. એન. કાજીનાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારમાં રેલ્વે સ્ટેશન રોડ પર પેટ્રોલ પંપ પાસેથી શરૂ થતાં પોલિસ લાઇનને અડીને આવેલ કાચા કેબીન ખસેડી પાછળનાં ભાગે નવિન બાંધકામ કરી શોપિંગ સેન્ટર બનાવવા અંગે આવેલ રીપોર્ટ તથા કેબીન ધારકોની આવેલ અરજી વંચાણમાં લીધી. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર સ્ટેશન રોડ પર પેટ્રોલ પંપ પાસેથી શરૂ થતાં પોલિસ લાઇનને અડીને આવેલ કાચાં કેબીન ભૂતકાળમાં લોકોને રોજગારી મળી રહે તેવા આશયથી આ જગ્યાએ તદ્દન હંગામી ધોરણે કાચા કેબીનો મૂકી ધંધો કરવા જે તે સમયે નગરપાલિકા દ્વારા જગ્યા ભાડે આપવામાં આવેલ હતી. અને હાલમાં આ કેબીનો તે જગ્યાએ કાર્યરત છે. પરંતુ વિકસતા યુગમાં વર્તમાન સમયને અનુરૂપ ધંધા રોજગાર હોય તે જરૂરી છે. જેથી તદ્દન કાચાં કેબીન હોવાથી તેઓને સુરક્ષા કવચ (વિમો) મળી શકતું નથી કે ધંધાનાં વિકાસ અર્થે બેન્કમાંથી લોન પણ મળી શકે નહિં. અને કાચાં કેબીન હોવાથી તેઓ પોતાનાં ધંધાને વિકસાવી શકતાં નથી. બીજું કે, કાચાં કેબીન હોવાથી આકસ્મિક બનતાં બનાવોમાં, ધરતીકંપમાં, આગ લાગવાનાં કિસ્સામાં વિગેરે જેવી બાબતોમાં તેઓને થતાં જાનમાલનાં નુકશાન સામે સરકારી સહાય કે વળતર મેળવી શકતાં નથી. તદ્ઉપરાંત ઘણાં વર્ષો પહેલાં જગ્યાની ફાળવણી કરેલ હોઇ હાલમાં વિકાસશીલ યુગમાં વાહન વ્યવહાર વધવાને કરાણે તથા બસ સ્ટેશન નજીક હોવાથી એસ.ટી. બસોની અવરજવરમાં આ કેબીનો વાહનવ્યવહારમાં નડતરરૂપ બને છે. ટીમ પેટલાદનો મુખ્ય અભિગમ શહેરને ડેવલોપ બનાવવનો રહ્યો છે. જેથી આ જગ્યાએ કાચા કેબીનો તોડી પાછળનાં ભાગે નવિન શોપિંગ સેન્ટર બનાવવામાં આવે તો વેપારીઓ પોતાનાં ધંધાને વિકસાવી શકે, વેપારમાં વધારો કરી શકે, રોજગારી પણ વધે, શહેરમાં વિકાસ થાય, શહેરની સુંદરતા પણ વધે તેમજ ટ્રાફીક સમસ્યા હળવી થાય અને પાકી દુકાન બનાવી ભાડે આપવામાં આવે તો તેનાં ભાડાની રકમમાં વધારો મળે અને સંસ્થાની આવક વધે તેમ છે. જેથી સંસ્થાને આર્થિક ફાયદો પણ થાય તેમ છે. સદર બાબતે આ વિસ્તારનાં કેબીન ધારકોએ શોપિંગ સેન્ટર બનાવી આપવા અરજી પણ કરેલ છે. જે તમામ પાસા ધ્યાને લેતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તાર સ્ટેશન રોડ પેટ્રોલ પંપ પાસેથી શરૂ થતાં પોલિસ લાઇનને અડીને આવેલ કાચાં કેબીનો તોડી પાછળનાં ભાગે નવિન શોપિંગ સેન્ટર બનાવવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી ગૃહ વિભાગ, મહેસૂલ વિભાગનાં તમામ સહયોગ મેળવી તથા સંલગ્નિત કચેરીએથી સંપાદન કરવામાં આવનાર જગ્યાની જે કિંમત નક્કી કરવામાં આવે તે રકમ ચૂકવી જમીન સંપાદન કરી કામગીરી હાથ ધરવા ઠરાવવામાં આવે છે. સદર કામે તેનાં નકશા, ડિઝાઇન તથા અંદાજો આર્કિટેક્ટ પાસેથી તૈયાર કરાવવા ઠરાવવામાં આવે છે. સદર શોપિંગ સેન્ટરની દુકાનો ભાડે આપવાનાં નિયમો બનાવવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધઃ-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

**કામ નં. (૪)** : ટાઉન પ્લાનિંગ સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં ડી.પી વિસ્તારમાં વિકાસ ચાર્જ લેવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લઇ યોગ્ય તે થવા રજૂ.

**ઠરાવ નં. ૧૫૧ / તા.૨૪/૧૦/૧૬**

મ્યુનિ. સભ્ય શ્રીમતિ જયાબેન. એ. વાઘેલા, શ્રી આરીફખાન. જે. સૈયદ (પઠાણ)નાં ટેકાથી દરખાસ્ત રજૂ કરે છે કે;

ટાઉન પ્લાનિંગ સમિતિની ભલામણ સહ પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં ડી.પી. વિસ્તારમાં વિકાસ ચાર્જ લેવા અંગે આવેલ રીપોર્ટ વંચાણમાં લીધો. સારાસારનો વિચાર કરતાં પેટલાદ નગરપાલિકા હદ વિસ્તારનાં ડી.પી. વિસ્તારમાં હાલમાં કોઇ જ વિકાસ ચાર્જ લેવામાં આવતાં નથી. પેટલાદ નગરપાલિકાનાં વહીવટી ખર્ચ તથા કર્મચારીઓનાં પગાર ધોરણોમાં દિનપ્રતિદિન વધતાં જતાં ખર્ચને પહોંચી વળવા સંસ્થાનાં આવકનાં સ્ત્રોત વધારવા જરૂરી છે. તેથી વિકાસ ચાર્જ લેવો યોગ્ય જણાય છે. જેથી ડી.પી. વિસ્તાર માટે નીચે જણાવ્યા મુજબનાં વિકાસ દર નિયમાનુસારની પ્રક્રિયા હાથ ધરી વસુલવા ઠરાવવામાં આવે છે. અને તેનો અમલ તા.૦૧/૧૧/૨૦૧૬ થી કરવા ઠરાવવામાં આવે છે. આ અંગે આગળની જરૂરી તમામ કાર્યવાહી હાથ ધરવા રા.પ્રમુખશ્રીને અને મે. ચીફ ઓફિસરશ્રીને અધિકાર આપવા ઠરાવવામાં આવે છે.

| અ.નં. | વિસ્તાર | ખુલ્લી જમીન | બાંધકામ જમીન |
|---|---|---|---|
| ૧ | રહેણાંક વિસ્તાર | રૂા. ૧૫=૦૦ પ્રતિ ચો.મી. | રૂા. ૨૫=૦૦ પ્રતિ ચો.મી. |
| ૨ | વાણિજ્ય વિસ્તાર | રૂા. ૨૦=૦૦ પ્રતિ ચો.મી. | રૂા. ૪૦=૦૦ પ્રતિ ચો.મી. |
| ૩ | ઔદ્યોગિક વિસ્તાર | રૂા. ૨૫=૦૦ પ્રતિ ચો.મી. | રૂા. ૪૫=૦૦ પ્રતિ ચો.મી. |
| ૪ | અન્ય વિસ્તાર | રૂા. ૧૦=૦૦ પ્રતિ ચો.મી. | રૂા. ૨૦=૦૦ પ્રતિ ચો.મી. |

આમ, આવેલ દરખાસ્ત સર્વાનુમતે મંજુર થાય છે.

સહી/-
(શ્રીમતિ રેણુકાબેન. આર. વાઘેલા)
પ્રમુખ
પેટલાદ નગરપાલિકા

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

નોધ:-

૧). અહીં દશાવેલ વિગતો ફક્ત આપની જાણ માટે જ છે જેને સત્તાવાર નકલ તરીકે ગણવામાં આવશે નહી.

૨). આ વિગતો અંગે કોઈ પણ વધારાની માહિતી મેળવવી હોય તો પેટલાદ નગરપાલિકા કચેરીનો સંપર્ક કરવો.

